સ્વર્ગવાસી

# પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનું

## ચરિત્ર

રા. રા. ઝવેરીલાલ ઉમીઆશંકર યાજ્ઞિકે

ઇંગ્રેજીમાં રચેલું

તેનું ગુજરાતી ભાષાન્તર.


મુંબઈ:

"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ.

ઈ. સ. ૧૮૮૮.


કિમ્મત છ આના.

# પ્રસ્તાવના.

પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનો સ્વર્ગવાસ ગયા અધિક ચૈત્ર શુદ ૪ને શુક્રવાર, તા૦ ૧૬મી માર્ચને દિવસે વાલકેશ્વર મધ્યે પોતાના મકાનમાં થયો. તે વેળા તેમના દેશી તથા ઈંગ્રેજ મિત્રોમાંના કેટલાએકની એવી ઇચ્છા થઈ કે પંડિતે આ દેશના જુના ઇતિહાસની બાબતમાં શિલા લેખોથી તથા હિંદુસ્થાનના જુદા જુદા ભાગમાં પ્રવાસ કરીને જે માહીતી મેળવી અને તેથી દેશની સેવા બજાવી છે તે વિશે લોકોને જાણવાની જરૂર ઘણી છે. તે ઉપરથી તેમના ચરિત્રના આકારમાં એક નિબંધ ઇંગ્રેજીમાં રા. રા. ઝવેરીલાલ ઉમીયાશંકર યાજ્ઞિકે લખી મુંબઈની રાયલ એશિયાટિક સોસાઇટીની શાખાની સભામાં તા૦ ૨૧મી મેને દિવસે વાંચ્યો. તેમાં આપેલી વિગત અગત્યની જાણી તેનું ભાષાન્તર કરવામાં આવ્યું છે.

પંડિતના શોધનું ફળ હજુ બે આકારમાં પ્રસિદ્ધ થવું બાકી છે. એક તો એમણે ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ઘણા શ્રમથી અને શોધ કરી લખેલો છે. તે રા. રા. રતિરામ દુર્ગારામે પૂરો કર્યો છે અને થોડી મુદતમાં પ્રસિદ્ધ થશે એમ વકી રાખવામાં આવે છે.

પંડિત ભગવાનલાલે જુદી જુદી વખતે હિંદુસ્થાનના જુદા જુદા ભાગમાં પ્રવાસ કરેલો તે વેળા જે જે એમણે ચમત્કારિક વાત તે તે દેશની, શેહેરની તથા લોકોની જોઇ તે સંબંધી એમણે એમના મિત્ર શેઠ કરસનદાસ વલ્લભદાસ ઉપર પત્ર લખેલા તેનો સંગ્રહ કરવામાં આવે છે. તે પણ છપાઇ પ્રગટ થશે એવી ઉમેદ છે.

પંડિત ભગવાનલાલની યાદગીરી કાયમ રાખવાસારૂ તા૦ ૧૮ મી આગષ્ટે ટાઉનહાલમાં એશિયાટિક સોસાઇટીની લાઇબ્રેરીમાં સભા ભરાઇ હતી. તેમાં એવો ઠરાવ થયો જે પંડિતની યાદગીરી કાયમ રાખવાસારૂ ઉઘરાણું કરી સારી રકમ

ઉભી કરવી. અને તેના વ્યાજમાંથી જુના લેખની વિદ્યામાં જે વિદ્યાર્થી કુશળ નીકળે તેને ઇનામ અથવા 'સ્કાલરશિપ' પંડિત ભગવાનલાલ ઇંદ્રજીના નામથી આપવા સારૂ મુંબઇ યુનીવરસીટીને તે રકમ સોંપવી. આશા છે કે એ 'ફંડ'માં સારી રકમ ભરાશે અને તેથી કરીને જે વિદ્યાનો પંડિતને શોખ હતો તે વિદ્યાની ઉત્તરોત્તર વૃદ્ધિ થશે.

મુંબઈ, તા૰ ૧૫મી સપ્ટેમ્બર ૧૮૮૮.



૩૫૮૦

સ્વર્ગવાસી.

# પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનું જીવનચરિત્ર.

## છેલા મંદવાડમાં મિત્રોનું મળવું.

'પંડિત ભગવાનલાલ જેવા ગ્રહસ્થનો નાની ઉમ્મરમાં સ્વર્ગવાસ થાય અને વળી તેમની વિદ્વતા તથા ચાતુર્ય દેખાડવનારૂં કંઇ પણ લખાણ તેમની પાસથી નહીં મળી આવે એ ઘણું દિલગીરી ભરેલું છે.' એ પ્રમાણે મુંબાઇ ગેઝીટિયરના લખનાર મી૦ જે. એમ. કેમ્બેલે પોતાના એક પત્રમાં ગયા માર્ચ મહિનામાં મને લખી જણાવ્યું હતું. આ નિબંધ પુરેપુરો વાંચી ગયા પછી કોઇ પણ ગ્રહસ્થ સાહજ સમજી શકશે કે મી૦ કેમ્બેલના ઉપલા શબ્દો બિલકુલ ખરા પડયા છે. ગેઝીટિયરના સંબંધમાં તેમણે અસલી લેખોને લગતાં કરેલાં લખાણો, સોપારામાંથી શોધી કાઢવામાં આવેલા અશોકના શિલાલેખો તથા ગુજરાતનો સંપૂર્ણ પ્રાચિન ઇતિહાસ લખવાની તે-

મની યોજના એ વિગેરે બીજી ઘણીક બાબતો ઉ-પરથી મી. કેમ્બેલ પંડિત ભગવાનલાલની રીતભાત, ગુણો તથા તેની વિદ્વતા વિષે ઘણો ઉંચો વિચાર ધરાવે છે. પંડિત સ્વર્ગવાસી થયા તેના બે મહિનાની આગાઉથીજ પંડિતના મનમાં એમ નક્કી ઠરી ગયું હતું કે પોતાનો અંત હવે ઘણોજ પાસે આવતો જાય છે. વળી મારા મિત્ર રાવ બહાદુર ભીમભાઈ કીરપારામ કે જેઓ મી૦ કેમ્બેલના મદદનીશ હતા અને તેથી કરીને પંડિત ભગવાનલાલ જોડે ઘણા સારા સંબંધમાં આવ્યા હતા તેઓ તથા હું જયારે ગયા ફેબ્રુઆરી માસમાં પંડિતને મળવા વાલકેશ્વર ગયા હતા ત્યારે પંડિતનું બોલવું એમ થયું હતું કે મારો કાળ બહુ પાસે આવતો જાય છે અને હું થોડાં અઠવાડિયાં ભાગ્યેજ કાઢીશ. પંડિત પોતે માંદા હતા તોપણ પોતાના મિત્રો જોડે વાત કરવાનું તેમને બહુ ગમતું હતું અને તેઓ કહેતા કે જયારે મિત્રો જોડે હું વાતો કરૂં છું ત્યારે મારા શરિરના રોગોનું દુઃખ મને ઓછું લાગે છે. અમે જયારે એમને મળવા ગયા તે વખતે પંડિત પોતાનું માથું એક તકિયા સાથે ટેકવીને બેઠા હતા અને જૈન ધર્મના એક તીર્થંકરની પેઠે વિચારમાં

ગુંથાઇ ગયા હતા. તેમને લાંબે વખતે જોયા ઉપરથી અમને એમ ભાસતું હતું કે તેમનું શરિર બહુજ નિર્માલ્ય થઇ ગયું હતું. તેમને જલંદરનો વ્યાધી લાગુ પડયો હતો, તેમનું પેટ બહુ વધી ગયું હતું તથા તેમને પગે તો સોજા આવ્યા હતા. અમે જ્યારે તેમને મલવા ગયા તે વખતે તેઓ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગ સ્કુલ તથા સંસ્કૃત કોલેજના પ્રિન્સીપાલ મી૦ વિઠ્ઠલજી કેશવજી પાસે થાક ચઢી જવાથી ધીમે શ્વાસથી ક્ષત્રપ વંશની વંશાવળી વિષેના પોતાના છેલ્લા વિચાર લખાવતા હતા. પંડિત ભગવાનલાલ જે કંઇ ગુજરાતીમાં બોલતા તેનું ભાષાંતર પોતાના મનમાં કરી મી૦ વિઠ્ઠલજી તેનું ટાંચણ અંગ્રેજીમાં કરી દેતા. અમને જોઇ પોતાનું કામ આગળ ચલાવતા ભગવાનલાલ અટકયા અને બોલ્યા કે 'હિંદના અસલી કોતરકામના સંબંધમાં આ મારૂં છેલ્લું લખાણ છે. આ છવીસ વર્ષના અરસામાં ક્ષત્રપ વંશના રાજાઓના સિક્કાઓ તથા શિલા લેખો કે જે મારા હાથમાં આવી ગયેલા છે તે સઘળા વિષે વિચાર ચલાવી આ તે વિષેના મારા છેલ્લા અને પરિપકવ અભિપ્રાયો મેં મારા આ લખાણોમાં આપ્યા છે. આ દેશનાં અસલી કોતરકામ

બહુ બહુ જગ્યાએ જોયા પછી તે વિષે એક ચોક્કસ લખાણ કરવાની મારી ફરજ વિષે લાંબો વખત થયાં મને વિચાર આવ્યાં કરતો હતો અને હવે જ્યારે તે ફરજ બજાવવામાં હું ફતેહ પામ્યો છું અને આ મારૂં લખાણ હવે લગભગ પુરૂં થવા આવ્યું છે તે જોઇ મારા મનને અત્યંત આનંદ ઉપજે છે. આ તો માત્ર એકજ કામમાં હું મારી ફરજ બજાવી શકયો છું. મેં ઘણી બાબતો ઉપર લખવાનું માથે લેવાનો કેટલાંક વર્ષો થયાં વિચાર કીધો હતો કે જે ફુરસદ ન મળવાને લીધે હજી ફળીભૂત કરી શકયો નથી.' પંડિત ભગવાનલાલ મરવાથી બીહીતા જણાતા નહોતા. તેઓ ધારતા હતા કે તેમણે પોતાની જીંદગાનીનો મોટો ભાગ, સારા, પ્રમાણિક તથા લોકોપયોગી કામોમાં ગાળ્યો હતો. જે ચોકસ બાબત વિષે મોટી દિલગીરી તેમને લાગતી હતી તે માત્ર એજ હતી કે પોતે કીધેલી શોધોનું તથા પોતે ચલાવેલા વિચારોનું એક સાધારણ ટિપ્પણ પણ તેઓ પોતાની જન્મભાષા ગુજરાતીમાં કરી શકયા નહોતા. એમ થવાનું કારણ એ હતું કે જેવું તેઓ કાંઈ નવા સિક્કા વિષે અથવા શિલાલેખ વિષે અથવા તામ્રપત્ર વિષે સાંભળતા કે તેમનું મન

એના સંબંધમાં પુષ્કળ આતુર બની જતું અને તેથી કરીને અગાડી નક્કી કરેલી પોતાની યોજના તેઓ ચુકી જતા અને એ પ્રમાણે તેમાં વિક્ષેપ પડતો ગયો અને પોતે ધારેલી યોજના તેઓ પાર પાડી શકયા નહિં. છલ્લો છલ્લો તેમનો વિચાર અસલના કાળથી તે ઈસવીસનની તેરમી સદી સુધીનો ગુજરાતનો ઇતિહાસ લખવાનો હતો; પરંતુ તે પણ તેઓ પાર પાડી શકયા નહિં. ભગવાનલાલ પોતે પણ સારી પેઠે જાણતા હતા કે તેમણે ઘણી ઘણી યોજના ધારી હતી પણ તેઓ પાર પાડી શકવાના નથી અને પોતે મેળવેલા જ્ઞાનથી પોતે કીધેલી શોધો કે જે વાસ્તે તેમણે પોતાની આખી જીદંગી એમાંજ ગાળી હતી તેમાંનું કેટલુંક તેમની જોડેજ નાશ પામી જશે, અને ખરેજ એમજ થયું છે. પંડિત ભગવાનલાલનું કહેવું ખરૂં પડયું છે અને એ રીતે તેમણે કીધેલી કેટલીક શોધો તેમની જોડેજ દટાઇ ગઇ છે. એ સઘળાથી આખી દુનિયાને ઘણી મોટી ખોટ ગઇ છે. મારા મિત્ર રાવ બહાદુર ભીમભાઇની એવી સૂચના હતી કે જો કે ભગવાનલાલ જે યોજના પોતાની આખી જીદંગાનીમાં પાર પાડવા અશકંત હતા તે યોજના બીજા

કોઇથી સિદ્ધ કરાય એ ન બની શકે એવું છે; તથાપી એટલું તો કરવું જોઇએ કે જો ભગવાનલાલની તબિયતને બહુ હેરાનગતી ન પોંહોંચે તો, તેમણે અમારા બેમાંથી એકને પોતે જાતે પોતાની ખાનગી જીંદગીની કેટલીક વિગત, તથા હિંદુસ્તાનમાં તથા આ દેશની સરહદની બહારના મુલકમાં તેનણે કરેલી મુસાફરીનો ટુંક હેવાલ કહી જવો કે જે અમે લખી લઇએ. એ રીતે થયાથી, આ દેશના તથા યુરોપના એ વિષયના સંબંધના વિદ્વતા ભરેલાં ચોપાનીઆઓમાં તથા ઇન્ડિયન એન્ટિકવરીમાં જે લખાણો તેમણે કીધેલાં છે તેથી તે વિષયના સંબંધમાં તેમણે લીધેલી મેહેનતની યાદગીરી જળવાઇ રેહેશે. પણ એવા લખાણોથી કંઇ સાધારણ માણસો કળી શકશે નહિ કે ભગવાનલાલ જેવા મહાન પુરૂષોની ખાનગી ચાલચલણ કેવી હતી, તેઓએ કેવી રીતે ઉપલા વિષયના સંબંધમાં પોતાનો અભ્યાસ ચલાવ્યો; પ્રાચીન વિષયનું લોકોનું જ્ઞાન વધારવાને તેણે કેવો પ્રયત્ન કર્યો; પોતાની ધારણામાં ફતેહ પામવા માટે તેણે કયાં અને કેટલી મુસાફરીઓ કરી તે–તે મુસાફરીઓથી શું શું ફાયદો થયો, એવી મુસા-

ફરીઓથી ડા. ભાઉ દાજી તથા પંડીત ભગવાનલાલ શી રીતે આ ગહન વિષયમાં આટલા આટલા આગળ વધી ગયા; કેવી રીતે તેમનું નામ યુરોપમાં પણ પંકાયું અને છેલ્લું, શા કારણોથી હિંદુસ્તાનના તથા યુરોપના વિદ્વાનો એ બાબતના સંબંધમાં પંડીત ભગવાનલાલના અભિપ્રાય ખરા તરિકે કબુલ કરતા તે, એ વિગેરે બીજું કેટલુંક જાણવા ઇચ્છતા હશે તેમની આતુરતા પાર પાડી શકાશે નહિ; એ પ્રમાણે જ્યારે પંડીતને કેહેવામાં આવ્યું ત્યારે તેમણે મારા મિત્ર રાવ બહાદુર ભીમભાઇની સૂચના કબુલ કીધી અને વખતો વખત એ વખતના સંબંધમાં મને કેટલીક વિગતો લખાવી આપવાનું તેમણે કબુલ કીધું. એથી હું તેમની પાસે વખતો વખત જતો હતો અને જે તેઓ મને લખાવતા તે હું લખી લેતો હતો. તે સઘળાં લખાણો એકઠાં કરીનેજ આજે આ નિબંધ મેં તૈયાર કીધો છે અને તેજ હું તમારા હજુર રજુ કરૂં છું. પંડીત ભગવાનલાલની પ્રકૃતિ દિવસે દિવસે નબળી પડતી જવાથી આ સઘળી વિગતો હું પુરેપુરી મેળવી શકયો નથી. આ નિબંધ તે પંડિત ભગવાનલાલની જીદંગીનું માત્ર એક ટુંકું વૃત્તાંત છે.

એ ટુંક વૃત્તાંત રજુ કરવાને મારૂં મન માત્ર આથીજ લલચાયું છે કે જો પ્રસિદ્ધ દેશીઓનાં એવાં ટુંક વૃત્તાંત તાજાં ને તાજાં બહાર પાડવામાં આવતાં નથી તો પછી થાય છે એમ કે થોડા વખતમાં એવા મહાન દેશી પુરૂષો સંબંધની સઘળી વિગતો ભુલી જવાય છે અને તેની સાથે એવા મહાનપુરૂષોની યાદગીરી પણ આપણે ભુલી જઇએ છીએ.

## પંડિતનું વસિયતનામું.

પંડિત ભગવાનલાલને હું બીજી વખત મળવા ગયો ત્યારે જે બાબત વિષે અમને પેહેલી વાત થઇ તે બાબત તે તેનું વસિયતનામું હતું. એ વસિયતનામું લખેલું તૈયાર તેના મોં આગળ પડેલું હતું અને તેના ઉપર પંડિત પોતાની સહિ કરવાને તૈયારીમાં હતા. હું મોં આગળ હોવાથી એ વસિયતનામામાં મારી સાક્ષી તરિકે મારી સહિ કરવાનું તેમણે મને કહ્યું. પોતે વસિયતનામા ઉપર પોતાની સહિ કરી અને પછી સાક્ષી તરિકે મેં મારી સહિ કરી. આ વસિયતનામા વિષે આ જગ્યાએ હું જરાક લંબાણુથી બોલવા માંગુંછું તે એટલા ઉપરથી છે કે આ દેશમાં

જે જાતનાં વસિયતનામાં કરવામાં આવેછે તે સઘળાથી આ વસિયતનામું નીચે પ્રમાણેની અગત્યની બાબતોમાં જુદું પડેછે. પેહેલું, એ વસિયતનામામાં અપાયલી મીલકતો કંઇ જુદાજ પ્રકારની છે; બીજું, જેને એ મિલકત આપવામાં આવી છે તેઓ જુદાજ પ્રકારના માણસો અથવા મંડળીઓ છે; અને ત્રીજું, કયે પ્રકારે પોતાની મિલકતોનો વહિવટ પોતાના ગત થયા પછી થવો જોઇએ તે વિષે એટલુંજ નહીં પણ પોતાની પાછળ કયા પ્રકારની મરણની ક્રિયા થવી જોઇએ તે વિષે, પણ પોતાની અનુજ્ઞાઓ તેણે તેમાં દર્શાવી છે. સાધારણ વસિયતનામા કરતાં આ વસિયતનામામાં આ અગત્યના ફેરફારો હોવાથીજ પંડિતના આ વસિયતનામા વિષે કંઇ જાણવાની ઇંતેજારી વિદ્વાન ગ્રહસ્થોને તથા અસલી લેખોનું શોધન કરનારા ગ્રહસ્થોને એ વિગેરે બીજાઓને સ્વાભાવિક રીતે થાય છે. છવીસ વર્ષની પોતાની વિદ્વતા ભરેલી કારકિર્દીમાં પંડિત ભગવાનલાલે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં પોતાનું જ્ઞાન વધારવા ખાતર, જુના સિક્કાઓ, શિલાલેખો તથા હસ્તલિખિત પુસ્તકો મેળવવા ખાતર તથા અસલી કોતરકામોના નમુનાઓ મેળવવા ખાતર ઘણી અગવડ વેઠી મુસાફરીઓ

કરી હતી. પોતાની આ મુસાફરીઓના પરિણામ-માં તેમણે ઘણીક કિમતી ચિન્હોનો સંગ્રહ કરેલોછે. એ સંગ્રહો આ દેશનો અસલનો ઇતિહાસ જાણવાની ઇચ્છા રાખનાર પુરૂષોને ઘણો અગત્યનો તથા ઉપયોગી થઇ પડશે એ સંગ્રહોમાં એક સંગ્રહ તો નેપાલના બુદ્ધ ધર્મના હસ્તલિખિત પુસ્તકોનો તથા જૈનધર્મના હસ્તલિખિત પુસ્તકોનો તથા વેદના સંબંધના કેટલાક અસલના પુસ્તકોનો છે. બીજો સંગ્રહ અસલી સિક્કા ઓનોછે. જે સિક્કાઓની સંખ્યા ૭૦૦ ઉપરાંત થવા જાય છે અને તે સિક્કાઓ ક્ષત્રપ રાજાઓના વખતના છે. એ સિક્કાઓ ઘણા શ્રેષ્ટ છે અને તેમાંથી હાલ જણાયલા ઉપરાંત ચાર નવા રાજાઓ થઇ ગયા હોય એવો ઇતિહાસ મળી આવે છે. વળી એ ઉપરાંત દક્ષિણ હિંદુસ્તાનમાં અસલના કાળમાં રાજય કરતાં શાટકર્ણી વંશના તથા બીજા વંશના રાજાઓના સિક્કા પણ મળી આવે છે. એ સિવાય બીજા પણ કેટલાક અગત્યના સિકકાઓ છે. શિલાલેખોમાં સૌથી અગત્યનો લેખ તેમને તેમના ઉત્તર હિંદુસ્તાનના એકાદા પ્રવાસ વખતે મથુરામાંથી મળ્યો હતો. એ શિલાલેખ સૌથી અગત્યનો એથી થઇ પડયો છે કે તે ઘણાજ જુના વખતની બેકટ્રિયન

પાલી ભાષામાં લખાયલો છે. પંડિત ભગવાનલાલે વસિયતનામામાં ખુલ્લેખુલ્લું લખેલું છે કે 'આ લેખ ઘણો અગત્યનો છે અને ક્ષત્રપોના અને સિથિયનોના વખતની ઉપર જરૂરનું જ્ઞાન દેખાડેછે.' પોતાના વસિયતનામાંના વહિવટ કરનાર તરિકે તેમણે મા. કરસનદાસ વલ્લભદાસને નિમ્યા છે અને પોતાની મિલકતોનો કેવી રીતે વહિવટ કરવો તે સઘળું તેમણે નિચે પ્રમાણે તેમને ફરમાવ્યું છે:–'હસ્તલિખિત પુસ્તકો મુંબઈની બ્રાંચ રાયલ એશીયાટિક સોસાઇટીની લાઈબ્રેરીને અર્પણ કરવાં અને એને માટે કમીટી પાસે માગણી કરવી કે મારા ગુરૂ અને શેઠ ડા. ભાઉ દાજીનાં સંસ્કૃત પુસ્તકો જે જગાએ છે એની બાજુનું ખાનું ખાલી છે તેમાં એ પુસ્તકો રાખવાને મેહેરબાની કરીને રજા આપે. એ ખાનાના ઉપલા ભાગ પર લખે કે ભગવાનલાલ ઈંદ્રજી, દાકતર ભાઉ દાજીના શિષ્ય પંડિત ભગવાનલાલ પોતાના સિક્કાઓનો સંગ્રહ ઈંગ્લંડના બ્રિટીશ મ્યુઝિમને અર્પણ કરે છે અને ફરમાવે છે કે એ સિક્કાઓનો સંગ્રહ એ મ્યુઝિમમાં મારા નામથી જુદો રાખવામાં આવે, જે તામ્રપત્રો તથા શિલા લેખો પંડિતનાં પોતાનાં નથી તેને વિષે પંડિત ફરમાવે છે કે તે તામ્રપત્રો તથા

શિલા લેખો સહુ સહુના માલિકોને સપુરદ કરવા પણ તે સપુરદ કર્યા પેહેલાં તે મળ્યાની રસિદ તેમની પાસે લીધા વગર ચુકવું નહિ.

'બાકીનાં જે મારાં પોતાનાં છે તે હું બ્રિટીશ મ્યુઝિયમને અર્પણ કરૂં છું તે એવી સરતે કે તે જુદી જગ્યાએ રાખે અને તેની સારી નોંધ રાખે. પોતે જે પુસ્તકો બ્રિટીશ મ્યુઝિયમને બક્ષિસ કરવા માગે છે તે સંબંધી આવું લખાણ પંડિતે પોતાના વસિયતનામામાં કર્યુંછે.

## સિહાંકૃતિની કુંભી.

પોતાના સિંહની આકૃતીવાળી કુંભીના શીલાલેખના સંબંધમાં નિચલું લખાણ પંડિતે પોતાના વસિયતનામાંમાં કીધું છેઃ—'આ મારા સંગ્રહમાં સિંહાકૃતિ કુંભી છે અને તે ઉપર એકટ્રિયનપાલી લેખ છે. એ અમુલ્ય ભેટ છે. એને સારા ઉત્તમ લાકડાના અથવા પથ્થરના સ્ટેંડ ઉપર જેવી રીતે તેની નીચેનો લેખ ખરાબ ન થાય તેમ ઉભો કરવાને બ્રિટીશ મ્યુઝિયમના ક્યુરેટરને વિનંતી કરવી. અને આશા રાખું છું કે એવી અમુલ્ય ચીજ માટે એ માગણી ઘણી ખુશીથી કબુલ

થશે. તેમજ લેખોની હસ્તલિખિત નકલો અને ડાબીને લીધેલી નકલો એ પણ સઘળું બ્રિટિશ મ્યુઝીમને અર્પણ કરૂં છું. વળી ત્રાંબા, પિતળ, પથ્થર વિગેરેની મૂર્તિ, કોતર કામ વસ્તુઓ, દાગીના વિગેરે એન્ટિકિવરીની સઘળી મારી ચીજ હું બ્રિટિશ મ્યુઝીયમને અરપણ કરૂં છું ને તે પણ મારી બીજી વસ્તુની સાથે રાખે.' આ પ્રમાણે પંડિત ભગવાનલાલ પોતાના વસિયતનામામાં લખી ગયા છે અને હું આશા રાખું છું કે ડા. પીટરસન ઉપલી વસ્તુઓના સંબંધમાં બ્રિટિશ મ્યુઝિયમના લાગતા વળગતાઓ જોડે પત્ર વ્યવહાર ચલાવે છે એટલે તેઓ એટલી સંભાળ રાખશે. પંડિતની સઘલી બક્ષિસોની ગોઠવણના સંબંધમાં તેમના વિચારોને અનુસરીને કામ કરશે. પંડિતના બીજાં પ્રસિદ્ધ થયલાં પુસ્તકો તેઓ મુંબઈની નેટિવ જનરલ લાઇબ્રેરીને અર્પણ કરે છે.

ઉપર જણાવેલા સિંહના ચિત્રવાળા શિલા લેખની કુંભી તથા તેની જે છબીઓ પંડિતે પોતે પાડેલી છે તે તથા પંડિતે આ સોસાઇટીને અર્પણ કરેલાં હસ્તલિખિત પુસ્તકોનો હેવાલ હું અહિંયાં સભા હજુર રજુ કરવાની રજા લઉં છું. પોતાની આ શોધને લગતું જે

લખાણ પંડિતે પોતે તૈયાર કીધેલું છે તે પણ સભા હજુર રજુ કરવામાં આવ્યું છે. એ લખાણ પંડિત તરફથી બરાબર સંભાળથી કરવામાં આવેલું ન હોવાથી પ્રસિદ્ધ કરવાને લાયકની હાલતમાં નથી અને તેથી કરીને હું ઈચ્છું છું કે ડા. પિટરસન એ લખાણ જોઈ જઇ પંડિતની આ શોધનો યોગ્ય ઇનસાફ આપશે. એ લેખમાંની હકીકત જાહેર થતા પેહેલાં આ ઠેકાણે ઉઘાડી પાડી જે શોધની કીર્ત્તિ પંડિતને મળવી જોઇએ તેમાં તેને ગેરઇનસાફ મળે તેમ કરવા માગતો નથી. પંડિત ભગવાનલાલનાં વસિયતનામાંનો એક ફકરો મેં તમો હજુર વાંચ્યો તે ઉપરથી તમોએ જોયું હશે કે પોતાની આ શોધને તેઓ ઘણીજ અમુલ્ય વાજબી રીતે ગણેછે. પોતાની એ શોધને અમૂલ્ય ગણવાનું તેમનું મૂખ્ય કારણ એ છે કે એ કુંભી ઉપર જે લેખ લખેલો છે તેમાં ક્ષત્રપ વંશના સોલ રાજાઓનાં નામો લખવામાં આવેલાંછે અને એ નામોથી ક્ષત્રપ વંશની વંશાવળી પુરેપુરી બંધ બેસાડી શકાય છે, કે જે બંધબેસાડતાં આ સ્તંભ ઉપર જણાવેલાં નામ વગર ઘણીજ અડચણ પડતી હતી. અહિઆં મારે જણાવવું ખોટું નહિં દેખાય કે ડા. પીટરસન આ સિંહાકૃતિ કુંભીવાળા શિલા લેખનો સ્તંભ બ્રિટીશ મ્યુઝિ-

યમમાં મોકલી આપ્યા પેહેલાં યુનીવરસીટીની લાઇબ્રેરીના મકાનમાં થોડોક વખત રહેવા દેશે તો તેથી અહિંઆના જે દેશી અથવા યુરોપિયન ગૃહસ્થોને તે જોવાની મરજી થાય તેઓ તે જોઇ શકશે.

## ઉત્તર ક્રિયા કેમ કરવી.

પંડિતને કંઇ પુત્ર અથવા વારસ નહોતો. તેઓ પોતાના વસિયતનામામાં જણાવે છે કે 'મારી શાખા મારાથી બંધ થાય છે.' વાલકેશ્વરમાં આવેલા પોતાના બંગલાનો વહિવટ તેઓ જીવરાજ બાલુની શેઠાઇ તળે ચાલતી કચ્છી ભાટીઆની ન્યાતીને સોંપે છે અને તેઓ જણાવે છે કે એ બંગલો ઉંચ ન્યાતીના હિંદુઓ, જેઓ પોતાની તબિયતના કારણસર વાલકેશ્વરમાં રેહેવા માગતા હોય તેમને આશ્રમસ્થાન તરિકે વાપરવા આપવો.

પોતાની મિલકતના વહિવટ વાસ્તે આ પ્રમાણેની ગોઠવણ કર્યા પછી પોતાના મરણ પછી પોતાના શબની શી વ્યવસ્થા કરવી તથા પોતાના સગાવહાલાઓએ પોતાની મરણ ક્રિયાના સંબંધમાં શું કરવું તે વિષે કેટલુંક લખાણ કર્યું છે. આ તકે વળી એક બાબત કે જે યુરોપિયન લોકોને બિલકુલ અ-

જાણી હશે તે હું જણાવવા માંગું છું. એ બાબત યુ-રોપિયનોને બહુ નવાઇ જેવી લાગશે. પણ હિંદુઓ-માં એ બિલકુલ સાધારણ છે. તે બાબત એ છે કે વિશેષ કરીને બ્રાહ્મણ લોકોમાં પોતાની મરણ ક્રિયાઓ કે જે જીવત ક્રિયાને નામે ઓળખાય છે તે પોતાના જીવ-તાં છતાં તથા પોતાનેજ હાથે કરી લેવાનો રિવાજ છે. આ જાતની ક્રિયા પંડિત ભગવાનલાલે પોતે પો-તાની હયાતીમાં કરી લીધી હતી અને તેથી કરીને એ ક્રિયાઓ ફરીથી પોતાના મોત પછી ન કરવી એવી ફરમાસ તેમણે પોતાનાં વસિયતનામામાં કરી છે. વળી તેમણે એમ પણ જણાવ્યું છે કે જો મારૂ મોત મુંબાઇમાં નહિં પણ બહાર ગામ થાય તો મારા શબને મારા જે મિત્રો તેમના શબ સાથે સ્મ-શાન જાય તેમની પાસે બળાવવું; પરંતુ જો મારૂં મોત મુંબાઇમાંજ થાય તો તો મારી ઇચ્છા એવી છે કે નિચે જણાવેલી રીતે મારા શબની વ્યવસ્થા ક-રવી; તે એ કે જે ગંગાજળ મેં જાતે કાશી-થી આણ્યું છે તે મારા શબ ઉપર છાંટવું અને પછી ઉપર એક ધોયેલું સફેદ કપડું ઢાંકવું અને પછી રામનું નામ પોકારતા પોકારતા સ્મશાન ભૂમિ ઉપ-ર લઇ જવું. પોતાના વસિયતનામામાં તેમણે એક

સૌથી અગત્યની ઇચ્છા જણાવી છે કે તેમના મ-
રણ પછી તેમની ન્યાતીના કોઇ પણ સ્ત્રી અથવા પુ-
રૂષ મિત્રે અથવા સગાએ રૂદન કરવું નહિં. એ
મ કરવાનો ચાલ હિંદુ લોકોમાં છે. વળી તેમણે વિ-
નંતી કરી છે કે સ્ત્રીઓએ મરણ વખતે હા-
જર રેહેવું નહિં. એમ પણ જણાવ્યું છે
કે દાહ કરી આવ્યા પછી ઘર પાસે જરા વિશ્રાંતિ
લેઇને ઘેર જવું. મિત્રવર્ગે બેસવું હોય તો બેસવું
પરંતુ રોવા વિગેરેનો શિષ્ટાચાર કરવો નહીં.
જુનાગઢ પોતાની મરણની ખબર આપનારા કાગળો
પોતાના સગાઓ ઉપર લખી મોકલવા અને તેમાં તેમના
કુંટુંબીઓને વિનંતી કરવી કે મારાં મરદ કુટુંબી-
ઓએ મારી પછાડી રોવું નહિં તથા મારાં સ્ત્રી સ-
ગાઓએ મારી પછાડી કુટવું નહિં. તેઓ પોતાના વ-
સિયતનામાંમાં એ બાબતસર લખે છે કે, 'મારા શરી-
ર બાબત મારા મિત્રોને અને સગાંઓને ભલામણ
કરૂં છું તે ઉપર હું અત્યંત નમ્રતાપૂર્વક યાચના કરૂં
છું કે એક પરવપસ પડેલા પ્રેતના આગલા માલીક-
ની ઇચ્છાથી વિરૂદ્ધ કરવું એ કેવડું મોહોટું પાપ છે
એ ધ્યાનમાં રાખીને કરવું જોઈએ.' ખુશી થવા જેવું
છે કે પંડિતે જણાવેલી ઉપલી ઇચ્છા પ્રમાણે સઘળી
તરફથી વર્તવામાં આવ્યું હતું.

# પંડિતનું જીવનચરિત્ર.

હવે પંડિત ભગવાનલાલની જીંદગીના સંબંધમાં કંઈક હેવાલ હું આપીશ. પંડિત ભગવાનલાલ ઇંદ્રજી સંવત ૧૮૯૬ ના કાર્તિક સુદ ત્રીજને દિવસે એટલે કે તા૦ ૭ મી નવેંબર ૧૮૩૯ ના વર્ષમાં કાઠિયાવાડમાં આવેલા જુનાગઢ શેહેરમાં જનમ્યા હતા. તેઓ જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ હતા. એ જ્ઞાતી નાગર બ્રાહ્મણોની છ જ્ઞાતીઓમાંની એક છે. પ્રશ્નોરા નાગર બ્રાહ્મણોનો ઘણો મોટો ભાગ પોરબંદર, જુનાગઢ, નવાનગર, મોરબી અને કાઠિયાવાડના બીજાં ભાગોમાં વસે છે. એ જ્ઞાતીના લોકો પેઢી દર પેઢી વેદો ભણવાનો, કથા પુરાણો વાંચવાનો તથા ધર્મશાસ્ત્રો ભણવાનો તથા વૈદું કરવાનો ધંધો કરી તે ઉપર પોતાનો નિર્વાહ ચલાવે છે. કેટલાકો વળી જ્યોતિષનું કામ કરી પોતાનું પેટ ભરેછે. ઇંદ્રજીના ત્રણ છોકરાઓમાં ભગવાનલાલ ઉમ્મરે સૌથી નાના હતા. તેમના બાપે તેમને ગામઠીશાળામાં ભણવા મુકયા હતા. તે વખતે જેટલી કેળવણી તે જાતની શાળાઓમાં અપાતી હતી તે લઇ તે પછી તેમણે પોતાના બાપના ઘરમાં સંસ્કૃતનો તથા વૈદકનો અભ્યાસ કીધો. કમનસિબે તે કાળ-

માં જુનાગઢમાં અંગ્રેજી શીખવા માટે ફ્રેન્ચ સ્કુલો અથવા હાઇ સ્કુલો નહોતી કે જ્યાં જઇને તેઓ અંગ્રેજીનો અભ્યાસ કરે. જેમ જેમ ભગવાનલાલ અસલી કોતરકામ વિગેરેના પોતાના અભ્યાસમાં વધતા ગયા અને જેમ જેમ તત્સંબંધે તેમનું માન બધે વધતું ગયું તેમ તેમ પોતાના અંગ્રેજી જ્ઞાનની અલ્પતાથી તેમને મોટી અડચણ પડતી ગઇ. જરૂર કરીને જ્યારે ડા. ભાઉ દાજી સ્વર્ગવાસી થયા પછી પંડિત ભગવાનલાલનું નામ યુરોપમાં પુષ્કળ પ્રખ્યાત થતું ગયું તેમ તેમ આ અડચણ તેમને વધારે નડવા લાગી. યુરોપના જે જે વિદ્વાન ગૃહસ્થો સાથે તેમને પત્રવ્યવહાર હતો તેમાં માત્ર ડા. બ્યુલરજ તેમની સાથે ગુજરાતી ભાષામાં પત્ર વ્યવહાર ચલાવતા. ડા. બ્યુલરનું જ્ઞાન ગુજરાતી ભાષાનું સારૂં હોવાથી પંડિત ભગવાનલાલ ઘણાજ સંતોષ પામતા, કારણ કે તેમની સાથે પોતે ખુલાસાથી ગુજરાતી ભાષામાં પત્ર વ્યવહાર ચલાવી શકતા. બીજા યુરોપિયન વિદ્વાન ગૃહસ્થો જોડે પત્ર વ્યવહાર તેમને અંગ્રેજીમાં ચલાવવો પડતો હતો અને તેમ કરવા માટે તેમને પોતાના કેટલાક ઇંગ્રેજ મિત્રોની મદદ લેવી પડતી હતી; પણ એવી નંછી

માગતાં તેમને બહુ ઓછું આવતું હતું. પોતાના ઇંગ્રેજી જ્ઞાનમાં વધારો કરવાને મોટી ઉમ્મરે તેમણે પુષ્કળ મથન કીધું પણ તે કામ તેને બહુ કઠણ થઇ પડયું, જો કે તેઓ સાદું અંગ્રેજી તો ઘણી સારી રીતે સમજી શકતા હતા. અસલી કોતરકામના પોતાના સઘળા કામકાજમાં જે મદદ તેમને પોતાના યુરોપિયન તથા દેશી મિત્રો તરફથી મળતી હતી તે તેઓ કદિપણ છુપાવતા નહિં, પણ જાહેરમાં કબુલ કરતા.

જુનાગઢમાં હોવાથી પંડિત ભગવાનલાલ ઇંગ્રેજી ભાષાના જ્ઞાનથી બેનસિબ રહ્યા, પરંતુ એજ જુનાગઢમાં એવું કંઇક હતું કે જેથી તેઓ વિદ્વાનોમાંના એક કેહેવાયા, તેમની સાથે ઓળખાણમાં આવ્યા તથા જેથી તેઓનું માન આટલું વધી ગયું. અશોકના લેખો માટે તથા શાહ અને ગુપ્ત વંશના લેખો માટે પ્રખ્યાત ગિરનારનો પર્વત જુનાગઢની પડોસમાંજ આવેલો છે. એ પર્વત ઉપર આવેલા લેખો જ્યારે જ્યારે તેઓ ગિરનાર ઉપર જતા ત્યારે દર વખત જોતા અને તે તેમને સમજવાનું બહુ મન થતું; પરંતુ તે અસલની પાલી ભાષામાં લખાયલા થી તેઓ તે ઉકેલી શકતા નહોતા. તે ઉકેલવાનું

તેમને બહુ મન થયાથી તે ભાષા શીખવા માટે તેમને અત્યંત આતુરતા થઇ, પરંતુ તે કાળમાં જુ-નાગઢમાં અથવા કાઠિયાવાડમાં કોઇ એવો પંડિત અ-થવા વિદ્વાન પુરૂષ હતો નહિં કે જેને આ સમજવાનું મન થયું હોય અથવા એ સમજી શકવાની તે શક્તિ ધરાવતો હોય.

પંડિત ભગવાનલાલને ઉપર જણાવ્યા પ્રમાણે ગિ-રનાર પર્વત ઉપરનો પાલી ભાષામાં લખાયલો શિલા લેખ સમજવાનું પાલી ભાષાની પોતાની અજ્ઞાનતાને લીધે બની ન શક્યું એમ ખરૂં; પરંતુ એથી તે સમજ-વાનો પોતાનો પ્રયત્ન તેમણે હારીને છોડી દીધો નહિં. કેટલીક વિગતો ઉપરથી એમ માલમ પડે છે કે કાઠિયાવાડનો તે વખતનો પોલિટિકલ એજંટ કર-નલ લેંગ ગિરનાર પર્વત ઉપરના ઉપલા શિલા લેખો સમજવાને ઘણો ઉત્સુક હતો. આ કરનલ લેંગેજ ગિ-રનાર પર્વત ઉપરના શિલા લેખો ઉપરથી છાપી કા-ઢેલી એક નકલ શિલા લેખોની બાબતમાં પ્રખ્યાત થયલા ગ્રહસ્થ જેમ્સ પ્રિન્સેપ્સને કલકત્તે મોકલી આપી હતી; અને એ નકલમાંના લખાણને જેમ્સ પ્રિન્સેપ્સને બીજી તરફથી ધાઉલી અને કપુરદીગી રીમાંના શિલા લેખના લખાણ સાથે મેળવી નછી

થીજ તે પોતાની પ્રખ્યાત શોધ કરી શકયો હતો. એ શિલા લેખોમાં એન્ટિઓક્ષ તથા ટોલેમીના નામો લખાયલાં છે અને એ સઘળા શિલા લેખોની મદદથીજ તથા બીજા કેટલાક જુના સીકકાઓની મદદથી જેમ્સ પ્રિન્સેપ્સ પાલી ભાષાના મૂળાક્ષર બરાબર બંધ બેસાડી શકયો હતો અને એ મૂળાક્ષરથી પાછળથી બીજા પાલી ભાષાના શિલા લેખો ઉકેલવામાં એક પુષ્કળ ઉપયોગી કુંચી થઇ પડી હતી. આશરે ૧૮૫૪ના વર્ષમાં કરનલ લેંગે જેમ્સ પ્રિન્સેપ્સના ૧૮૩૮ ના વર્ષના ચોપાનિયાના એપ્રિલ મહિનાના અંકમાંથી પાલી ભાષાના મૂળાક્ષરવાળું એક પાનું જુનાગઢના એક વિદ્વાન નાગર બ્રાહ્મણ મણિશંકર જટાશંકર ઉપર મોકલી. આપી એમ જણાવ્યું કે 'ગીરનાર પર્વત ઉપરના શિલા લેખોના અક્ષરો આ બારાખડીમાંના છે.' કરનલ લેંગે મોકલેલો આ કાગળ પંડિત ભગવાનલાલના જોવામાં આવવાથી તેમણે તે મણીશંકર પાસેથી માગી લીધો અને તેના ઉપર મીઠા તેલમાં બોળેલા ઝીણા ઝીણા બે કાગળો મુકી તેની બે નકલ ઉતારી લીધી અને અસલ કાગ-
' તથા તે ઉપરથી લીધેલી એક નકલ મણિશંકર-
ાપી બીજી નકલ પોતાની પાસે રાખી. આ

નકલની મદદથી પંડિત ભગવાનલાલે ગિરનાર ઉપ-
રનો રૂદ્રદામ શિલા લેખ ઉકેલવાનું મથન કીધું, પ-
રંતુ તેમાં તેમને માલમ પડ્યું કે ઉપલા શિલા લે-
ખના લખાણમાં તો પુષ્કળ જોડાક્ષરો તથા માત્રા
ઓ હતી કે જેની સમજણ જેમ્સ પ્રિન્સેપ્સવાળી
બારાખડીની નકલમાં ન હોવાથી તેઓ સમજી શ-
કયા નહિં. પોતાની આ નિશ્ફળતાથી કંટાળી ન
જતાં મુંબઇમાં વસતા પોતાના એક મિત્રને તેમણે
વિનંતી કરી કે ગીરનાર પર્વત ઉપરના શિલા
લેખને લગતાં કંઇ પણ પુસ્તકો અથવા ચોપાનિયાં-
મુંબઇમાં વેચાતાં મળતાં હોય તો મારે વાસ્તે
ખરીદી મારા ઉપર મોકલી આપવાં. એ ઉપરથી ઇંગ્લં-
ડની તથા બંગાળાની તથા મુંબઇની રોયલ એશિયાટિક
સોસાયટીના ચોપાનિયાંની મદદ તેમને મળવાથી તેમણે
ગિરનાર પર્વત ઉપરનો ઉપલો રૂદ્રદામ શિલા લેખ
ઉકેલવાનો ફરીથી પ્રયત્ન કીધો. ભગવાનલાલ પોતે
કહેતા કે 'આ શિલા લેખ ઉકેલવાનો મને એટલો
તો ઉમંગ હતો કે હું તે માટે દરરોજ ગિરનાર ઉ-
પર સાંજના ચાર વાગે પોહોંચી શકું એટલો વેહેલો
જુનાગઢથી નિકળતો, તે સૂર્યનો પ્રકાશ બંધ થાય
ત્યાં સુધી મારૂં કામ ત્યાં હું ચલાવતો અને પછી

પાછો ફરતો તે દીવા થતાં જુનાગઢમાં આવી પોંહોચતો. આવી રીતે મથન કર્યાથી હું મારા કામમાં ફતેહમંદ થયો અને ઉપલો શિલાલેખ બરાબર ઉકેલી શક્યો એટલુંજ નહિં પણ મારા વધેલાં જ્ઞાનથી પ્રિન્સેપ્સે ગોઠવી બેસાડેલા મૂળાક્ષરોમાં જે કેટલીક ભુલો રહી ગઇ હતી તે પણ હું સુધારી શક્યો.' જેમ જેમ વધારે શિલા લેખો પંડિત ભગવાનલાલના જોવામાં આવતા ગયા તેમ તેમ તે સંબંધી તેમનો ઉમંગ વધતો ગયો અને તેમ તેમ તે લેખો ઉકેલવાનું કામ તેમને અત્યંત સવાગ પડતું ગયું. પંડિત ભગવાનલાલના શિલા લેખો વિષેના આ વધતા જતા જ્ઞાનથી કરનલ લેંગ એટલો તો ખુશી થઇ જતો કે પંડિત ભાગવાનલાલને "શીલા લેખો સમજનારા એક જુવાન શાસ્ત્રીનું" ઉપનામ તે તેમને આપતો. એ કાળમાં આ અસલના શિલા લેખો સમજનારા ભાગ્યેજ એક બે દેશીઓ આખા હિંદુસ્તાનમાંથી મળી આવતા.

## ડા૦ ભાઉ દાજી અને પંડિત ભગવાનલાલ.

તે કાળમાં મુંબાઇ ઇલાકામાં સ્વર્ગવાસી બાળગંગાધર શાસ્ત્રીજાંબેકર તથા સ્વર્ગવાસી ડા૦ ભાઉ દાજી

સિવાય કોઈ પણ દેશી ગ્રહસ્થ આ દેશમાં અસલી કોતરકામ વિષે ઉંમગથી શોધ ચલાવનારા અંગ્રેજોનો જાણીતો ન હોતો. એજ એ ગ્રહસ્થો એ વિષયના સંબંધમાં પંકાતા હતા. લગભગ આજ વખતે મી૦ એ. કે. ફોરબ્સ કે જે કરનલ લેંગની ગેરહાજરીમાં કાઠિયાવાડનો કામ ચલાઉ પોલીટીકલ એજન્ટ નિમાયો હતો તેની સાથે ભગવાનલાલને ઓળખાણ થયું. વિદ્વતા ભરેલી બાબતો વિષે વિચાર ચલાવવાનો જેટલો શોખ મી૦ ફોરબ્સને હતો તેટલોજ શોખ પંડિત ભગવાનલાલને પણ હતો. પંડિત ભગવાનલાલથી ખુશ થઇ જવાથી તેણે ભગવાનલાલ વિષે ડા. ભાઉ દાજીને ભલામણ કીધી. ડા. ભાઉ દાજીએ આ ઉપરથી સને ૧૮૬૧ના અક્ટોબર મહિનામાં ભગવાનલાલ ઉપર એક પત્ર લખી તેને પોતાની પાસે તેડાવ્યા. એ ઉપરથી પંડિત ભગવાનલાલ પોતે એકઠા કીધેલા ક્ષત્રપવંશના ૬૦ સિક્કાઓ લઈ મુંબાઇ જવા નિકળયા. મુંબઇ આવ્યા પછી ડા. ભાઉ દાજીએ પંડિત ભગવાનલાલને મુંબાઇની રેયલ એશિયાટિક સોસાયટીના તે વખતના પ્રમૂખ મી૦ ન્યુટન જોડે ઓળખાણ કરાવી. મી૦ ન્યુટન તે વખતે ક્ષત્રપવંશને લગતું એક લખાણ

તૈયાર કરતો હતો. પંડિત ભગવાનલાલે આણેલા ક્ષત્રપવંશના ૬૦ સિક્કાઓ જોઇ તે અત્યંત ખુશી થયા. એ સિક્કાઓમાંના એકપર 'નાહાપાન' રાજાનું નામ હતું. આ તથા બીજા કેટલાંક નામો સિક્કા ઉપરનાં જોઇ તે બહુ ખુશી થયા. પંડિત ભગવાનલાલ ગિરનાર ઉપરના રૂદ્રદામા તથા સ્કંદગુપ્ત શિલા લેખોની જે ખરી નકલ પોતાની સાથે લાવ્યા હતા તે પણ તેમણે ડા૦ ભાઉ દાજીને હવાલે કીધી. તેજ વખતે પંડિતે ડા૦ ભાઉ દાજીને જણાવ્યું કે ગિરનાર ઉપર આવેલા બીજા મૌર, ગુપ્ત અને શાહ વંશના શિલા લેખો ઉકેલી કાઢવાનું કામ પણ ફરીથી મોટા પાયા ઉપર બરાબર રીતે કરવું, એ કામ અત્યંત જરૂરનું છે. પંડિતના કેહેવા ઉપરથી ડા. ભાઉ દાજીના ધ્યાનમાં તે બરાબર ઉતર્યું. એ વાત બહુ અગત્યની હતી. આ ઉપરથી એ કામ બરાબર કરવા માટે ડા. ભાઉ દાજીએ ભગવાનલાલને ફરીથી જુનાગઢ મોકલ્યા. જુનાગઢમાં ભગવાનલાલ ગયા ત્યારે તેમણે પોતાના પિતાના મરણના સમાચાર જાણ્યા. પોતાના પિતાના મરણની ક્રિયા પુરી થઇ રહ્યા પછી તુરતજ તેઓ ગિરનાર જવા નિકળ્યા અને ત્યાં જઇને શાહા તથા સ્કંદગુપ્ત વંશના શિલા

લેખોની ખરી નકલો તૈયાર કીધી અને તે ડા. ભાઉ દાજી ઉપર મોકલી દીધી. આ શીલા લેખોની નકલો તથા તેમનું ભાષાંતર વાંચીને એ શાહા તથા સ્કંદગુપ્ત વંશને લગતું એક વિદ્વત્તા ભરેલું લખાણ તેમણે તૈયાર કરીને તે આ સભા હજુર તા. ૧૪ મી આગસ્ટ સને ૧૮૮૮ને દિવસે વાંચ્યું હતું. પોતાના એ લખાણમાં ડા. ભાઉ દાજી પંડિત ભગવાનલાલ વિષે નિચે પ્રમાણે ઇસારો કરે છેઃ—

શાહ વંશના શિલા લેખનું પ્રોફેસર વિલ્સને કીધેલું ભાષાંતર કોઇ પણ રીતે સારૂં નથી. બ્રાહ્મણ જ્ઞાતીના એક યુવાન ગ્રહસ્થ કે જેને શિલા લેખના વિષયને લગતી સંસ્કૃત ભાષાનું સાધારણ જ્ઞાન હતું તેને શિલા લેખોના અક્ષરો ધ્યાન દઇ શીખવાની ભલામણ કીધી અને પછી તેને ગયે વર્ષે મારી તરફથી ઉપલા બે શિલા લેખો ઉપરાંત ત્રીજો પ્રખ્યાત અશોકનો શિલા લેખ પણ બરાબર જોઇ તે ત્રણેની ખરી નકલો લેવા ગિરનાર ઉપર મોકલ્યા. તેણે ઉતારેલી નકલો તે મુંબઇ લાવ્યો તે મને જોઇયે એવી પસંદ ન પડવાથી પાછો મેં તેને તથા એક બીજા યુવાન બ્રાહ્મણને ગિરનાર ઉપર મોકલ્યા અને તે બન્નેને ઉપલા શિલા લેખોની નકલો એક બીજાથી

સ્વતંત્ર લેવાનું જણાવ્યું. તેઓ જુનાગઢમાં રહી આ નકલો મને મોકલતા અને એ નકલોમાં જે જે મને શક ભરેલું લાગતું તે તે ગિરનારપર જઇ ફરીથી શિલા લેખ જોઇ મને લખી જણાવવાનું હું તેને લખતો. એ રીતે એ બાબતના સંબંધમાં મારા સઘળા શકો વિષે મારા વિદ્વાન પંડિત પાંડુરંગ ગોપાળ પાધ્યા સાથે વિચાર ચલાવ્યા પછી આ લખાણ મેં તૈયાર કરી સભા હજુર રજુ કર્યું છે. મારે જણાવવું જોઇએ કે આ લખાણ તૈયાર કરવામાં કેટલેક દરજ્જે, તો જોકે અપૂર્ણ રીતે મને મેસર્સ વેસ્ટરગાર્ડ અને જેકબની એ શિલા લેખોની નકલો સેહેજસાજ ઉપયોગી થઇ પડી હતી.

## પ્રિન્સેપ્સની નકલમાંની ભુલો.

આ શિલા લેખના પ્રીન્સેપ્સે તૈયાર કીધેલા ભાષાંતરમાં તથા ડા. ભાઉ દાજીએ તૈયાર કીધેલા ભાષાંતરમાં બહુ ફેરફાર હતો. પ્રિન્સેપ્સનું ભાષાંતર ખોટું હોવાનું કારણ કદાચિત શિલા લેખની તેણે મેળવેલી ભુલ ભરેલી નકલને લીધે હોશે શિલા લેખની શરૂઆતમાંજ 'સુદર્શન' નામના સરોવરનું જે નામ આવે છે તેજ પ્રિન્સેપ્સને ઉકલી શકયું નહોતું.

વળી 'રૂદ્રદામા' એ નામ તેને ઉકલી ન શકવાથી તેણે તેને 'અરિદામ' એ નામ આપ્યું હતું. વળી ડા. ભાઉ દાજીએ પોતાના લખાણમાં એક નવી ઐતિહાસિક શોધ કીધેલી બહાર પાડી હતી. તે એ હતી કે તે વખતે જેમ સાધારણ રીતે મનાતું હતું તેમ 'રૂદ્રદામા' કંઇ 'સ્વામી ચાષ્ટાન' નો પુત્ર નહોતો, પણ પૌત્ર હતો. શિલા લેખ ઉપર 'રૂદ્રદામા' ના પિતાનું નામ હોવુંજ જોઇએ, પણ શિલા લેખનો તેટલો પથ્થર ભાંગી જવાથી તે નામ મળી શકયું નહોતું. ડા. ભાઉ દાજીએ વળી પોતાના ભાષાંતરમાં એ પણ નવી શોધ કીધી હતી કે સુદર્શન સરોવર ઉપર પુલ બાંધનાર જેમ પ્રિન્સેપ્સે ગોઠવી બેસાડયું હતું તેમ કંઇ 'પાહ્લવમાવ્ય' ઇજારદાર નહોતો પણ ખરેખરી રીતે તે બાંધનાર 'રૂદ્રદામ' નો પાહ્લવ પ્રધાન શુવિશાખા હતો; આ શુવિશાખા નામના સંબંધમાં વળી તેજ વખતે ડા. ભાઉ દાજીએ એવો ખુલાસો આપ્યો હતો કે ફારસી ભાષામાંના શીયાવક્ષ એ નામ ઉપરથી સંસ્કૃત જાણનારા હિંદુઓએ તેનો અપભ્રંશ કરી ઉપલું નામ આપ્યું હશે. વળી એ શુવિશાખાના સંબંધમાં તેમણે જણાવ્યું કે તેને ઘણું કરીને આનર્ત તથા સો

રાષ્ટ્રનો ગવરનર નિમવામાં આવ્યો હશે. તે વખતના જુના કાળમાં પણ હિંદુ રાજાઓ જીલ્લાઓના ગવરનરોના ઓદ્ધાઓ ઉપર પરદેશીઓની નેમણુક કરવાનો રિવાજ કંઈ અસાધારણ નહોતો. એવીજ રીતે પાછળના કાળમાં મુસલમાન રાજાઓ પોતાના પ્રધાન તરીકે અથવા જીલ્લાઓના ગવરનર તરીકે હિંદુઓની નેમણુક કરવાની રીત તો સાધારણ હતી એમ આપણે જાણીએ છીએ. આ ગીરનાર ઉપરના શિલા લેખોના સંબંધમાં જે ચાતુર્ય પંડિત ભગવાનલાલે બતાવી આપ્યું તેથી ડા. ભાઉ દાજી એટલા તો રાજી થઇ ગયા કે તેમણે ત્યાર પછી હંમેશાં પંડિત ભગવાનલાલને પોતાની પાસેજ રાખવાનો ઠરાવ કીધો. આ ઠરાવ ઉપરથી ડા. ભાઉ દાજીએ પંડિત ભગવાનલાલને જાથુકને વાસ્તે પોતાની પાસ તેડાવી લીધા અને પંડિતે ગિરનાર ઉપરના શિલા લેખો ઉકેલવાના સંબંધમાં જે ચાતુર્ય બતાવ્યું હતું તે ઉપરથી પંડિતે પોતાના (ડા. ભાઉ દાજીના) મનમાં અસલી કોતરકામ તથા શિલા લેખો અને અસલી સીક્કાઓને લગતા વિષયમાં પોતાની યોગ્યતા સંપૂર્ણ રીતે સિદ્ધ કરી આપી હતી. એ પ્રમાણે પોતાનો અભિપ્રાય પંડિત ઉપરના પોતાના કાગળમાં તેણે

લખ્યો અને પંડિત ભગવાનલાલ જો મુંબઇમાં આવે તો પોતાની તરફથી સઘળી મદદ પોતે ભગવાનલાલને આપવાનું વચન આપ્યું.

## મુંબઇમાં પાછું આવવું.

એ કાગળ વાંચી પંડિત ભગવાનલાલ સને ૧૮૬૨-ના એપ્રિલ મહિનાની ચોથી તારીખે મુંબઇ પાછા આવ્યા. ડા. ભાઉ દાજીએ ઘણા પ્રેમથી તેમની આગતાસ્વાગતા કીધી. તુરતાતુરત ભગવાનલાલની સગવડતા સારૂ તેમણે પોતાના મકાનના આસપાસના ભાગમાં એક તંબુ ઠોકાવ્યો અને તેમાં ભગવાનલાલને ઉતારો આપ્યો. આ રીતે આ બે વિદ્વાન ગ્રહસ્થો વચ્ચે જે મિત્રતા થઇ તે ડા. ભાઉ દાજી સ્વર્ગવાસ થયા ત્યાં લગણ એમને એમ અખંડ રહી. જે સંબંધમાં ડા. ભાઉ દાજી ભગવાનલાલ જોડે વર્તતા હતા તે સંબંધ કંઇ એક શેઠ નોકરના જેવો નહોતો, પણ ખરી રીતે તો હિંદુસ્તાનના અસલના કાળના ખરા ઇતિહાસના સંબંધમાં મનુષ્ય જાતના જ્ઞાનમાં વધારો કરવાના કામમાં તથા હિંદુસ્તાનના અસલી કોતરકામ તથા સીક્કા વિષે શોધ લાવવાના કામમાં ડા. ભાઉ દાજી ભગવાનલાલને

પોતાના એક ભાગીયા જેવા ગણતા હતા. હિંદુ-
સ્તાનમાં સઘળે ફરી આ બધી શોધો પોતે જાતે
કરવાનું કામ ડા. ભાઉ દાજીથી ન બને એવું હતું;
કારણ કે મુંબઇમાં તેઓ પોતાના ધંધામાં પુષ્કળ
રોકાઈ જતા. તમે જાણતા હશો કે વૈદકના તથા શસ્ત્ર
વિદ્યાના પોતાના જ્ઞાનને વાસ્તે ડા. ભાઉ બહુ પંકાયલા
હતા. ખરેખરૂં કહીએ તો આપણી ગ્રેન્ટ મેડિકલ કો-
લેજમાં વૈદકનો અભ્યાસ કરી જે દેશી દાકતરો પ-
રીક્ષામાં પસાર થઇ બહાર પડયા તેમાં ડા. ભાઉ
દાજી એક પેહેલી પંક્તિના ગણાતા હતા. એજ
કારણથી મુંબઇની સઘળી દેશી જ્ઞાતીઓમાં તેનો
ધંધો પુષ્કળ ચાલતો. પણ આવી રીતે પોતાના
ધંધામાંજ રોકાઇ તે કોઇ બીજી વાત ઉપર ધ્યાન
આપતા નહતા એમ નહોતું. પોતાના ધંધામાં કુશ-
ળ હોવા ઉપરાંત બીજી બધી રીતે પણ તે ઘણા
વિદ્વાન હતા. પોતે સુધરેલા વિચારના હતા અને સંસા-
રી, રાજદ્વારી તથા ધર્મ સંબંધી બાબતો વિષે જે જે
સવાલો દેશી પ્રજામાં વખતો વખત ઉઠતા તેમાં
તેઓ ઘણા ઉમંગથી આગળ પડી ભાગ લેતા વિ-
દ્વાન માણસોના તેઓ એક આશ્રયદાતા
હતા અને જે જે શાસ્ત્રીઓ તથા પંડીતો

તેમની પાસ મદદને માટે આવતા તેઓ સાથે ડા. ભાઉ દાજી એવીતો નમ્રતાથી વર્તતા અને તેઓની જરૂરો પુરી પાડતા કે તેઓ ત્યાંથી પાછા ફરતી વખત ડા. ભાઉદાજીને અવન્તીના ભોજ રાજા જેવા ઉદાર કહી વખાણતા. આ બધા ઉપરાંત અસલી કોતરકામ તથા સીક્કાઓ વિષે ઘણું ઉત્કૃષ્ટ જ્ઞાન ધરાવનારા તેઓ હતા અને આ દેશના અસલના ઈતિહાસના સંબંધમાં કંઇ નવી નવી શોધો કરવાનો ઉત્સાહ તેમને અત્યંત હતો. આ સઘળા કારણોને લીધે અને પોતે પોતાનાં ધંધાને લીધે વખતો વખત મુંબઇ છોડી બહાર ગામ જવાને અશકત હોવાથી એવા એક માણસની તેમને ઘણીજ જરૂર હતી કે જે માણસ બહાર ગામ જઇને ફરીને અસલી લેખો સંબંધી શોધો પોતાને વાસ્તે ચલાવ્યાં કરે. આવા એક માણસ તરિકે ભગવાનલાલ તેમને બરાબર બંધ બેસતા લાગ્યા એટલા માટે કે ભગવાનલાલ તે વખતે પોતાની યુવાવસ્થામાં હતા, મહિના ને મહિના સુધી બહાર ગામ રખડી પોતાની શોધો આગળ ચલાવે એવી શકિતવાળા હતા અને છેલ્લું છેલ્લું શોધો કરવાનું આ કામ ભગવાનલાલને પોતાને ઘણું પ્રિય લાગતું. આ રીતે આ બન્ને મિત્રો પોતપોતાની મે-

હેનતથી નવી નવી શોધો કરતા અને અસલી કોતરકામના વિષયના સંબંધમાં મનુષ્ય જાતના જ્ઞાનમાં વધારો કરતા. અંગ્રેજી ભાષામાં અસલી હિંદી કોતરકામ તથા સીક્કાઓના સંબંધમાં જે કાંઇ લખાતું તે સઘળું ડા. ભાઉદાજી પોતાના મનમાં રમાવી રાખતા. વળી, એ વિષયના સંબંધમાં જર્મન તથા ફ્રેંચ ભાષામાં ત્યાંના વીદ્વાન પુરૂષો જે કંઇ લખતા તેનું ભાષાંતર કરાવી તે પણ પોતે સમજી લેતા. એ રીતે યુરોપ તથા અમેરીકામાં આ વિષયના સંબંધમાં જે કંઇ લખાણો થતાં, ભાષણો અપાતાં તથા ચરચા ચાલતી તે સઘળાથી ડા. ભાઉદાજી હંમેશાં પોતાને વાકેફગાર રાખવા જરાપણ ચુકતા નહિં.

## પંડિતનું અજંતાની ગુફા જોવા જવું.

મુંબાઇ ઇલાકામાં પ્રખ્યાતી પામેલા સર અર્સકીન પેરીની સાથે ૧૮૪૫ના વર્ષમાં ડા. ભાઉ દાજી અજંતાની તથા એલોરાની ગુફાઓ પેહેલી વાર જોવા ગયા તે વખતથીજ ડા. ભાઉ દાજીના અંતઃકરણમાં એવી ઇચ્છા ઉત્પન્ન થઇ હતી કે એ ગુફાઓની અંદરના શિલા લેખોની તથા ચિત્રોની ખરી

નકલો ફરીથી તપાસ કરી ઉતારી લેવી જોઈએ. એ શિલા લેખોની તથા ચિત્રોની જે નકલો પ્રિન્સેપ્સે લીધી હતી તે ડા. ભાઉ દાજીને ખોટી લાગી. ડા. બર્ડે લીધેલી નકલો પણ તેમણે જોઈ તે તેમને બહુ સંભાળથી લેવાયલી લાગી નહિં. એ ગુફાઓની અંદરના શિલા લેખોની ખરી નકલો લેવાનું કામ મુંબાઇ સરકારે લેફ્ટેનંટ ડબલ્યુ. એફ. બ્રેટને સોંપ્યું હતું. લેફ્ટેનંટ ડબલ્યુ. એફ. બ્રેટે લીધેલી અજંતાની ગુફાઓના શિલા લેખોની નકલો ઇંગ્લંડ મોકલી દેવામાં આવી હતી પણ તેની બેએક નકલો જે આ સભાની લાઇબ્રેરીમાં મુકવામાં આવી હતી તે પણ ડા. ભાઉ દાજીને ખરી અને સંભાળથી લેવાયલી લાગી નહિં. આ બધું જોઇને ડા. ભાઉ દાજીને એક વાતની પુરેપુરી ખાત્રી થઇ ગઇ હતી કે જે માણસને ગુફાના શિલા લેખોમાં વપરાતા મુળાક્ષરોનું જ્ઞાન ન હોય તે માણસથી એ શિલા લેખોની ખરી નકલો લઈ શકાય એ ન બને એવું છે. ૧૮૬૩ ના વર્ષના ફેબ્રુઆરી મહિનામાં ડા. ભાઉ દાજી ડા. હેત્રી કારટરની જોડે બીજી વાર અજંતાની ગુફાઓ જોવા ગયા હતા. તે વખતે સવારથી તે સાંજ લગણ મેહેનત કરી તેની અંદરના શિલા લે-

ખોની ખરી નકલો લેવા પ્રયત્ન કર્યો પરંતુ તે લેવા-નું કામ તેઓ પુરૂં કરી શકયા નહિં, કારણકે તે કામ ઘણું મુશ્કેલ હતું અને અગવડ ભરેલું હતું કારણ કે કેટલાક શિલા લેખો પુષ્કળ ઉંચાઈએ હતા. અને દોગાવો ઉપર આવેલા હતા. ૧૮૬૩ના એપ્રિલ મહિનામાં પંડિત ભગવાનલાલ મુંબાઈમાં હાજર હ-તા તે તકનો લાભ લઇ પોતે શરૂ કીધેલું કામ પુરૂં કરવાનો તેમણે વિચાર કીધો અને એમ વિચાર કરી પંડિત ભગવાનલાલને તે કામ પુરૂં કરવા માટે અ-જંતાની ગુફાઓ ઉપર મોકલ્યા.

પંડિત ભગવાનલાલને અજંતાની ગુફાની તપાસ કરવા માટે મોકલવાના સંબંધમાં પોતાનો એ ગુફા વિષેનો નિબંધ આ સોસાયટીના એક સભા હજુર વાંચતી વખતે ડા. ભાઉ દાજી બોલ્યા હતા કે 'અ-જંતાની ગુફાની અંદરના સઘળા શિલા લેખો સં-ભાળથી જોઇ જવા જેટલી મને ફુરસદ નહોતી અને એ શિલા લેખોના લખાણમાંથી કંઇ અગત્યનો ઇતિહા-સ મળી આવે એવું હું ધારતો હતો તેથી અને એ લેખોની બરાબર તપાસ મારી અગાઉ બીજા કોઇ વિદ્વાન ગ્રહસ્થે જોઇએ એવી કરી ન હોતી તેથી એક યુવાન પંડિત કે જેને મેં મારી નોકરીમાં રા-

ખ્યો હતો અને જેને ગુફાઓના શિલા લેખોમાં વ-
પરાતી ભાષા વિષે સારી માહિતી હતી તેને મેં મારા
એક આ લેખક સાથે બે મહિનાના પાછલા ભાગમાં
મોકલ્યો. ભગવાનલાલ અજંતાની ગુફાઓ ઉપર ગયા
અને ડા. ભાઉ દાજીએ લીધેલી શિલા લેખોની નકલોમાં
જે કેટલાક અક્ષરો ખોટા જેવા લાગ્યા તેમાં સુધારો
કીધો અને તે સુધારેલી નકલો મુંબાઇમાં ડા. ભાઉદાજીને
મોકલી અને ડા. ભાઉદાજી બીજી જે સૂચનાઓ
શિલા લેખોના સંબંધમાં મોકલે તે પ્રમાણે કરવાને
તેઓ અજંતામાં રહ્યા. ડા. ભાઉદાજીએ પાછળથી
જે બીજી સૂચનાઓ કરી તે પ્રમાણે શિલાલેખોના
સંબંધમાં વધારે ચોકસી કરી તેની વધારે સુધરેલી
નકલો તૈયાર કીધી. ગુફાઓમાં એટલું તો અંધારૂં
હતું કે વખતો વખત સવારના તથા સાંજનાજ અ-
જવાળાથી શિલાલેખોમાંના અક્ષરો ઉકેલી શકાતા.
એમ કરતાં ભગવાનલાલને ઘણી મુશ્કેલી નડતી અ-
ને ઘણાજ ધૈર્યથી તેમને કામ કરવું પડતું હતું.
આ સઘળા શિલાલેખોની સંતોષકારક તપાસ કરી
ને ભગવાનલાલ જુનની આખરે મુંબઈ પાછા ફર્યાં.
અજંતાની ગુફામાંના શિલાલેખો આવી રીતે ઘણી
સંભાળથી ઉકેલ્યા પછી તથા તેમની ખરી નક-

લો ને ભાષાંતરો તૈયાર કર્યા પછી તેના સંબંધમાં એક રસાલો. ડા. ભાઉદાજીએ આ સભા હજુર ૧૦ મી જુલાઇ ૧૮૬૩ ને દિને વાંચ્યો હતો અને તે રસાલો આપણી સભાના જરનલના સાતમા પુસ્તકમાં છપાયલો છે.

૧૮૬૩ના વર્ષની વર્ષાઋતુ પંડિત ભગવાનલાલે મુંબઇમાંજ ગાળી. મુંબાઇમાં રહીને પણ તેઓ કંઈ નકામા બેસી રહ્યા નહોતા પણ એ ફુરસદનો વખત નાશક, કારલી, ભાજા, બેદસા, જુન્નાર, પીતળખોરી, અને નાનેઘાટની ગુફાઓના શિલાલેખોની ખરી નકલો તૈયાર કરવામાં તેમણે ગાળ્યો.

## જેસલમીરના જૈન ભંડારોની તપાસ.

તા. ૨૨મી ડિસેંબર ૧૮૬૩ને દિવસે ડા. ભાઉદાજી; મીં. ખરસેદજી નસરવાનજી કામા, મી૦ અરદેસર ફરામજી મુસ તથા એ વિગેરે બીજા કેટલાક મિત્રો સહિત વાવ્ય પ્રાંતો, ઉત્તર હિંદુસ્તાન, બંગાળા અને દક્ષિણ હિંદુસ્તાનની મુસાફરીએ નિકળ્યા. પરંતુ મુંબઇ છોડ્યા પેહેલાં તે વખતના મુંબાઈના ગવરનર સર બારટલ ફ્રીઅરની વિં-

નંદી ઉપરથી જેસલમીરના જૈન ભંડારોની તપાસ કરવા માટે તથા તેમાંથી જે અગત્યનાં અને અસલનાં પુસ્તકો મળી આવે તેની નકલો લેવા માટે ડા. ભાઉદાજી પોતાના પંડિતો પાંડુરંગ ગોપાળ પાધ્યા તથા ભગવાનલાલને જેસલમીર મોકલવાનું નક્કી કરી ગયા હતા. ૧૮૬૪ ના વર્ષના કડકડતા શિયાળામાં આ બે પંડિતો કરાંચી અને સિંધને રસ્તે થઇને જેસલમીર ગયા. જેસલમીરના દરબારે તેમને જૈન ભંડારો તપાસવાની પરવાનગી આપી. જે જગ્યામાં આ પુસ્તકો રાખવામાં આવ્યાં હતાં તે જગ્યા બહુજ ભેજવાળી હતી. એવી ભેજવાળી જગ્યામાં બેસી આ બે ગ્રહસ્થોને જે પુસ્તકો અગત્યનાં ને અસલનાં જણાય તેની નકલો ઉતારી લેવી પડતી. આ ભિની જગ્યામાં બેસવાથી તેમને સખત ઇજા વેઠવી પડી. ભગવાનલાલે ટાઇફોઇડ નામના ઝેરી તાવથી અને પાડુરંગ પાધ્યાએ મેલેરિયસ તાવથી લગભગ બાવીસ ઉપરાંત દિવસ લગણ સખ્ત મંદવાડ ભોગવ્યા છતાં તેઓ જેસલમીરમાંજ રહ્યા. એ પ્રમાણે ત્રણ મહિના ત્યાં રહ્યા પછી તેઓ ૧૮૬૪ ના મે મહિનામાં ડીસાને રસ્તે મુંબાઇ પાછા ફર્યા.

૧૮૬૫નાં વર્ષમાં તથા ત્યાર પછીના કેટલાંક વર્ષોમાં વિદ્વાન લોકો પણ પોતાના કામને કોરણે મુકી બીજાજ કામપર મંડયા હતા. અમેરિકાની લડાઈને લીધે મુંબાઇનાં રૂનો ભાવ એકદમ ચઢી જવાથી મુંબાઇમાં પૈસાની પુષ્કળ રેલમછેલા થઈ ગઇ હતી અને તેથી કરીને સઘળા સાથે વિદ્વાન લોકો પણ એ રૂનાજ વ્યાપારમાં પડી ગયા હતા. એ સારી પેઠે જાણીતી વાત છે કે પૈસાની એ રેલમછેલા માત્ર થોડો વખતજ મુંબાઇમાં રહી હતી. એ રેલમછેલા થોડો વખત રહી એવું તો ખરાબ પરિણામ આવ્યું કે કેટલાકોને દેવાળાં કાઢવાં પડયાં તથા કેટલાકો તો ઘરબાર વગરના થઈ ગયા હતા. એ વખતે પંડિત ભગવાનલાલે હિંદુસ્થાનમાંનાં સઘળાં અસલનાં દેવાલયો તથા તિર્થસ્થાનો જોઇ તેમાં જે કંઈ શિલા લેખો હોય અથવા અસલના કાળના ઇતિહાસના સંબંધમાં બીજું જે કંઈ જાણવા જેવું હોય તેની શોધ કરવાને આખા હિંદુસ્તાનની મુસાફરીએ જવાનો વિચાર કે જે તેમણે ઘણા વર્ષો થયાં પોતાના મનમાં નક્કી કરી મુકયો હતો તે અમલમાં મુકવાનો નિશ્ચય કીધો. પોતાના ઉત્તર હિંદુસ્તાનના પ્રવાસમાં ડા. ભાઉ દા-

જીએ જે જોયું હતું તે ઉપરથી ડા. ભગવાનલાલે કરેલો ઉપલો વિચાર તેમને બહુજ ઠીક લાગ્યો. ડા. ભાઉ દાજીએ એ બાબતના સંબંધમાં લખ્યું છે કે 'હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મારા પ્રવાસમાં ઘણાએક નવા લેખો તપાસવાની તથા તેમની નકલો લેવાની મને તક મળી હતી અને મારી ખાત્રી છે કે જે શિલા લેખો તથા તામ્ર પત્રોની નકલો આજ ઘણાં વર્ષો થયાં લેવાઇ છે તેની સંભાળથી ફરીથી પાકા પાયાપર તપાસ થવી જરૂરની છે અને વળી હું એમ પણ કહું છુ કે મે મારા પ્રવાસના દરમિયાનમાં દેવાલયો ઉપર તથા એવી ધર્મની જગ્યાઓમાં હજારો એવા શિલા લેખો જોયા છે કે જો તેની તપાસ કરવાનું કામ ભગવાનલાલ જેવા વિદ્વાન માણુસ પોતાને હાથ ધરે તો મારી ખાત્રી છે કે આ દેશનો પ્રાચીન ઇતિહાસ જાણવાને આતુર અને ઉમંગી યુરોપિયન વિદ્વાનો સ્વપ્ને પણ ન ધારે એટલું બધુ અજવાળું આ દેશના પ્રાચીન ઇતિહાસના સંબંધમાં પડયા વગર રેહે નહિં. યુરોપિયન વિદ્વાનો તે કામમાંવાજબી રીતે શિલા લેખો ઉપરના લખાણોની વધારે ખરી નકલો થવાનું અત્યંત અગત્યતાવાળું સમજતા હતા. એમ તેઓ ધારે એ સ્વાભાવિક હતું

કારણ કે શિલા લેખોની ખરેખરી અને બરોબર ઉકેલાયલી નકલો ઉપરજ સર્વ પ્રકારનો આ દેશનો અસલનો ઇતિહાસ તૈયાર કરવાનો આધાર હતો. એ શિલા લેખો બરાબર ઉકેલાવાને બદલે ખોટા ઉકેલાવાથી કેવો ખોટો અર્થ કરવામાં આવે છે અને તેથી કેવાં નઠારાં પરિણામો આવે છે તેનો એક અત્યંત રમુજી દાખલો સામાન્ય રીતે ગુજરાતમાં એક કેહેવત તરીકે થઇ પડયો છે. એ દાખલો એવો છે કે મારવાડના એક રેહેવાસીએ ગુજરાતમાં રહેતા પોતાના એક સગા ઉપર એક પત્ર લખ્યો હતો અને તેમાં એક વાકય નિચે પ્રમાણેનું હતું.

क क अ ज म र ग य छ क क क ट छ.

એ વાકયનો અર્થ એક જણે એવો કીધો કે 'કાકા આજ મરી ગયા છે. કાકી કુટે છે.'

આ વાકયનો આ અર્થ કરવાથી ગુજરાતમાં વસતા પેલા સગાના ઘરમાં પુષ્કળ રડારોળ ચાલી અને એ રડારોળ જયારે બીજા માણસે એ વાકયનો અર્થ નિચે પ્રમાણે કર્યો ત્યારેજ મટી અને પાછી ઘરમાં સઘળે ખુશાલી પસરાઇ ગઇ. તે બીજા માણસે ઉપલા વાકયનો અર્થ એવો કીધો કે

'કાકા અજમેર ગયા છે કાકી કોટે છે.'

## ઉત્તર હિંદુસ્થાનમાં પ્રવાસ.

ભગવાનલાલ ડા. ભાઉ દાજી પાસ એક વર્ષની રજા લઇને ૧૮૬૮ના વર્ષમાં ઉત્તર હિંદુસ્તાનની મુસાફરીએ જવા નિકળ્યા. તેઓ નાગપુર અને જબલપુરને રસ્તે થઇને અલ્હાબાદ જઇ પોંહોચ્યા. અલ્હાબાદમાં જઇને ત્યાંના પ્રખ્યાત સ્તંભ ઉપરના સમુદ્રગુપ્તના અસલી શિલા લેખની કપડાં ઉપર ખરી નકલ લેવા માટે તે સ્તંભની ઉંચાઇએ એક પાલખ બાંધવાની રજા તેમણે ત્યાંના સરકારી અમલદારો પાસ મેળવી. સમુદ્રગુપ્ત નામના આ લેખની ખરી નકલ લેતાં તેમને આખા પાંચ દિવસ લાગ્યા. આ નકલ બરાબર તૈયાર થયા પછી તેમણે તે ડા. ભાઉ દાજીને મુંબઇ મોકલી દીધી. એ નકલ જોઇ ડા. ભાઉ દાજી એવા તો ખુશ થઈ ગયા અને તેના અત્યંત ઉપયોગીપણાં વિષે તેમને એવો તો ઉંચો વિચાર આવ્યો કે તેનું અંગ્રેજી ભાષાંતર કરી તથા તેના સંબંધમાં પોતાની કેટલીક ટિકા તૈયાર કરી તેનો તેમણે આ સોસાયટીની સભા હજુર એક નિબંધ વાંચ્યો હતો. પોતે કીધેલી ટિકામાં ડા. ભાઉ દાજીએ જણાવ્યું હતું કે આ ઉપલા શિલાલેખનું લખાણ બીજા કેટલાકોએ અગાડી ઉકેલ્યું

હતું તે ઘણુંજ હેરફેર અને ખોટું હતું અને ભગવાનલાલે આ લેખ જે હોંશીઆરીથી ઉકેલ્યો છે તેથી સમુદ્રગુપ્તની બરોબરીના તે કાળના કેટલાક પ્રખ્યાત પુરૂષોનાં નામ મળી આવે છે. અલ્હાબાદ છોડી પછી પંડિત ભગવાનલાલ બનારસ, ભીતારી, મથુરાં અને દિલ્હી ગયા. ભિતારીમાંથી અને જરૂર કરીને મથુરામાંથી તેઓ ઘણા જુના શિલા લેખોની નકલો ઉતારી શકયા. જનરલ કનીંગહામે મથુરાનું જે વર્ણન આપ્યું હતું તે વર્ણન વાંચીને તેઓ અગાડીથીજ ધારતા હતા કે મને મથુરામાં અસલી લેખો મળી આવશે આ તેમની ધારણા ખરી પડી અને મથુરામાં ગયા પછી અસલી લેખોના તથા બીજા ઘણા અસલી સિક્કા મલ્યા. મથુરામાં આવેલાં દરેકે દરેક અસલી દેવાલયો, ધર્મની બીજી જગ્યાઓ તથા ત્યાં આવેલાં બુદ્ધ લોકોનાં સ્થાનો બરાબર સંભાળથી જોઈ જવાનો પંડિત ભગવાનલાલે નિશ્ચય કીધો. મથુરાના બજારમાં બેકટ્રિયન અને સિથિયન કાળના જે કેટલાક સિક્કાઓ તથા અસલના કાળને લગતી જે કેટલીક નમુના લાયક વસ્તુ તેમના જોવામાં આવી તે સઘળી તેઓએ પોતાની પાસના સઘળા પૈસા ખરચી વેચાતી લેઇ લીધી.

ઉત્તર હિંદુસ્તાનમાંની પોતાની મુસાફરીમાંથી તેઓ ૩૫ શિલા લેખો મેળવીને તથા કેટલાક અસલના કાળના સિક્કાઓ તથા અસલી કોતર કામના નમુનાઓ લઇને મુંબઇ પાછા ફર્યા. પોતાના આ પ્રવાસમાં તેમણે જે જે કંઇ જોયું હતું તેથી તેમને બીજે બીજે ઠેકાણે વધારે જોવાની તૃષ્ણા ઉત્પન્ન થઇ. ડા. ભાઉ દાજીના પ્રયત્નથી બીજી વાર ઉત્તર હિંદુસ્તાનની મુસાફરી કરવાનો ખરચ જુનાગઢના દરબારે તેમને આપવાનું કબુલ કીધું. આથી ભગવાનલાલ બીજીવાર તા. ૭ મી માર્ચ ૧૮૭૧ને દિવસે મુંબઈથી નિકળ્યા. આ વખત તેઓ નિકળ્યા તે સઘળી તૈયારીઓ કરીને નિકળ્યા હતા. મોટા મોટા ઓદ્ધાવાળા ગ્રહસ્થોના ભલામણ પત્રો તેમણે ઉત્તર હિંદુસ્તાનના અધિકારો ઉપર મેળવ્યા હતા. ડા. ભાઉ દાજીના પરિશ્રમથી હિંદુસ્તાનની સરકારે પોતાના અંડર સેક્રેટરી મી. સી. જે. લાયનની સહિથી અર્ધ સત્તાવાર હુકમ કાઢી મથુરાં, આગ્રા, બીનારસ, ફરૂકાબાદ, ગોરકપુર, ઘાઝીપુર અને અલ્હાબાદના માજીસ્ત્રેટોને પંડિત ભગવાનલાલની મુસાફરી અને તેના કારણો વિષે ચેતવણી આપી હતી અને તેમને ફરમાવ્યું હતું કે અસલી લેખો વિગેરેની શોધના કામમાં

પંડિતને જે મદદ જોઇએ તે તેમણે આપવી અને સંભાળ રાખવી કે પોત પોતાના જીલ્લાનાં કોઇ પણ માણસ તરફથી પંડિતને તેના કામમાં કોઈ પણ જાતનો અટકાવ કરવામાં આવે નહિં તથા તેને કોઇ પણ જાતની ઇજા પોંહોચાડવામાં આવે નહિં. પોતાના આ પ્રવાસ વખતે ભગવાનલાલ પોતાની પત્નિને પણ સાથે લઇ ગયા હતા કે જેને પણ આ પ્રવાસના અનુભવો થયા હતા; તેને પણ તંબુમાં રેહેવું પડતું હતું, તાઢ તડકો સેવવો પડતો હતો અને જંગલમાં પણ રેહેવું પડતું હતું. આ વખત પોતાને પ્રવાસે ભગવાનલાલ નિકળ્યા તે ખંડવા, ઓંકારેશ્વર, ઇંદોર, ઉજ્જન, મોજાવર, ભિલસા, સાંચી, ઉદયગીરી, બિનારસ, અલ્હાબાદ, દિલ્હી, કાલસી, મથુરા અને આગ્રા થઇને ગયા હતા. આગ્રાથી નિકળી પછી તેઓ ગ્વાલિયરમાં ગયા હતા. ભગવાનલાલના પત્નિને જે થોડાક વખત થયાં મંદવાડ લાગુ પડયો હતો તેનું જોર ગ્વાલિયરમાં પુષ્કળ વધી ગયું અને તેથી કરીને ૧૮૭૨ના માર્ચ મહિનામાં અલ્લાહાબાદને રસ્તે થઇને તેમને મુંબઇ તુરતાતુરત પાછું ફરવું પડયું. મુંબાઇમાં આવ્યા પછી ભગવાનલાલના પત્નિને ડા. ભાઊ દાજીનું ઓસડ કરવામાં

આવ્યું કે જેથી તેમનો મંદવાડ નરમ પડવા લાગ્યો ને થોડાક અઠવાડિયામાં તો તેઓ બિલકુલ સારાં થઇ ગયાં. પોતાના પત્નિને બિલકુલ સારાં થઇ ગયેલાં જોઈ પાછા ઉત્તર હિંદુસ્તાનમાં પ્રવાસ કરવાનો તેમણે વિચાર કર્યો. આ વખત તો તેમણે પુષ્કળ શોધ ચલાવવાનો નિશ્ચય કીધો. જેમ જેમ તેઓ વધારે શેહેરોની મુલાકાત લેતા તેમ તેમ તેમને વધારે તપાસ કરવાનું ને શોધવાનું મળતું. આ વખત પણ ડા. ભાઉ દાજીની ભલામણથી જુનાગઢ દરબારે ભગવાનલાલના પ્રવાસ માટે નાણાંની એક સારી રકમ તેમને આપી. એથી તેઓ ૧૮૭૩ના વર્ષના ડિસેંબર મહિનામાં પાછા ઉત્તર હિંદુસ્તાનના પ્રવાસે નિકળ્યા. આ પ્રવાસમાં તેમને એક ન આશા રાખી શકાય એવી તક મળી. તે એ કે તેઓ નેપાળ તથા ટિબેટની સરહદના પ્રાંતોમાં પણ પ્રવાસ કરવામાં ફાવી શકયા. તેમના આ પ્રવાસનું વર્ણન કરવા બેસીએ તો એક મોટું પુસ્તક ભરાય. પંડિત ભગવાનલાલે પોતાના સઘળા પ્રવાસો જેવા કે બલુચિસ્તાન તથા યુસુફજાઇ મુલકમાંના પોતાના પ્રવાસમાંનું; નેપાળમાં પોતે જે કંઇ જોયું તથા શોધો કરી તેનું, નેપાળના વડા પ્રધાન સર જંગ બાહાદુરે તેમને જે

અત્યંત માન આપ્યું હતું તેનું, નેપાળમાંના બુદ્ધો-
ના ધર્મ સંબંધના જે શિલા લેખો તેમણે જોયા
હતા તેનું, પોતે જે બુદ્ધ ધર્મનાં દેહેરાં જોયાં હતાં તેનું
તથા નેપાળમાં પોતે જે સકત મંદવાડ ભોગવ્યો તેનું એ
વિગેરે બીજી કેટલીક જાણવા જેવી બાબતોનું ટાંચણ
તેમણે ગુજરાતી ભાષામાં કરી રાખ્યું છે. આમાંનુ
ઘણું ખરૂં ટાંચણ પોતાના મિત્ર અને પોતાના
વસિયતનાંમાના વહિવટ કરનાર મી૦ કરસનદાસ
વલ્લભદાસ ઉપર પત્રના આકારમાં તેમણે લખેલું
મળી આવ્યુંછે. મારા મિત્ર મી૦ કરસનદાસ વલ્લભ-
દાસ વિદ્યા વૃદ્ધિના કામ માટે વખતો વખત મોટો
પરિશ્રમ લેતાં ચુકતા નથી તેથી તેઓ આ ટાંચણ
બહાર પાડવામાં કોઇ પણ રીતે ઢીલ કરશે નહિ
એમ હું આશા રાખું છું. આ ટાંચણ ઉપર ઉપરથી
પણ જોયા પછી મને લાગ્યું હતું કે તે ટાંચણમાં
પંડિતે પોતાના પ્રવાસોનો આપેલો હેવાલ તથા તે-
મણે જે જે જોયું તે ઉપરથી તેમણે બાંધેલાં મતોથી
જાણીતા થવાને વિદ્વાન લોકો ઇંતેજાર થશે એટલુંજ
નહિ પણ એ ટાંચણ સર્વ રીતે એવું રસીક છે કે
સાધારણ માણસોને પણ તે વાંચવું ગમશે. તે
લખાણોની વિદ્વત્તાને લીધે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ

થયલાં ઉમદા પુસ્તકોમાંનું તે એક ગણાશે અને ગુજરાતીભાષામાં ઉંચી પંક્તિનાં પુસ્તકોની સંખ્યામાં પણ વધારો થશે કે જે સંખ્યા હાલમાં બહુ થોડી છે અને તેમાં સારો વધારો થવાની જરૂર છે.

## પંડિત ભગવાનલાલ તરફ ડા. ભાઉ દાજીનો અત્યંત પ્રેમભાવ.

પંડિત ભગવાનલાલ પોતાના આ છેલ્લા પ્રવાસમાંથી પાછા ફરી મુંબઇ આવ્યા ત્યારે તેમના જોવામાં આવ્યું કે આખા હિંદુસ્તાનમાંથી જે એક માણસ તેમની શોધો વાસ્તે ઇંતેજાર રેહેતો તથા જેણે આ શોધો કરવામાં તેમને મદદ આપી હતી તે માણસ પક્ષાઘાતના દરદથી સકત પીડા ભોગવતો હતો. એ વ્યાધીથી ડા. ભાઉ દાજી ધીમે ધીમે બહુ ક્ષીણ થતા ગયા. આખરે ૧૮૭૪માં મે મહિનાની ૨૯મી તારિખે તેઓ કૈલાસવાસી થયા. ડા. ભાઉ દાજીના મરણથી પંડિત ભગવાનલાલે એક એવા માણસને ખોયો કે જે, તેમનો માત્ર એક મિત્ર તથા આશ્રયદાતા હતો એટલુંજ નહિ પણ અસલી લેખો વિગેરેના સંબંધનો તેમનો ઉમંગ વધારનાર

પણ તેજ હતો. એવા એક માણસના મરણથી પંડિત ભગવાનલાલને બહુજ દુ:ખ લાગ્યું. એવું દુ:ખ તેમને લાગે એમાં કંઇ નવાઈ જેવું નહોતું કારણ કે ડા. ભાઉ દાજી પંડિત ભગવાનલાલ ઉપર અત્યંત પ્રેમ રાખતા. પોતા ઉપરના ડા. ભાઉ દાજીના પ્રેમભાવનો દાખલો આપતાં પંડિત ભગવાનલાલ કેહેતા હતા કે 'નેપાળમાં હું હતો ત્યારે મારા મંદવાડની ખબર સાંભળી ડા. ભાઉ દાજીને બહુ ચિંતા થઇ અને મારી તબિયત વિષે કંઇ પણ બરાબર ખબર મેળવવાની તેમને ઇચ્છા થઈ. એ વખતે ડા. ભાઉ દાજી પોતે મંદવાડમાં પડયા હતા એટલે તેમનાથી બહાર નિકળાતું નહોતું. એ કારણથી આપણી સોસાયટીના તે વખતના સેક્રેટરી મી० વુડને તેમણે પોતાની પાસ તેડાવ્યા. ડા. ભાઉ દાજીને જ્યારે મી० વુડ મળવા આવ્યા ત્યારે મી० વુડના મોં આગળ મારા મંદવાડ વિષે તેમણે સઘળી વાત કહી અને મી० વુડને કહ્યું કે મારી તબિયતના સમાચાર નેપાળના તે વખતના રેસીડંટ મી० ગરડલસ્ટન મારફતે મેળવવાની તેમની ઘણી ઇચ્છા છે. વળી તેમણે કહ્યું કે તેઓ મી० ગરડલસ્ટન ઉપર એવો તાર મુકવા ઇચ્છે છે કે

તેણે જાતે મારી મુલાકાત લેવી અને મારી તબિયતના સમાચાર તાર મારફત તેમના ઉપર મોકલવા. એવી રીતે મી૦ ગરડલસ્ટન ઉપર તાર મુકવામાં આવ્યો અને તારમાં કરેલી વિનંતી પ્રમાણે મી૦ ગરડલસ્ટન મારી મુલાકાત લઇ ગયા અને પછી તે બાબત ડા. ભાઉદાજીના જાણવા માટે મી૦ વુડ ઉપર મી૦ ગરડલસ્ટને તાર કર્યો કે પંડિતનો (એટલે મારો) તાવ ઉતરી ગયો છે અને પંડિત થોડા વખતમાં હિંદુસ્તાન તરફ આવવા નિકળે છે. વળી ડા. ભાઉદાજીના પોતાની તરફના પ્રેમભાવનો બીજો દાખલો આપતાં પંડિત ભગવાનલાલ કેહેતા કે જ્યારે ડા. ભાઉદાજીના જાણવામાં આવ્યું કે નેપાળમાં મળતી ખરાબ તુવેરની દાળથી મારી તબિયત બગડતી હતી ત્યારે તેમણે મુંબાઇથી થોડીક તુવેરની દાળ મારા ઉપર પોસ્ટની મારફતે મોકલી તો જો કે દાળ ઉપર પોસ્ટનો દર એટલો બેઠો કે તુવેરની દાળની અસલ કિમત કરતાં બમણો પોસ્ટનો દર તેમને એવી રીતે મારા ઉપર દાળ મોકલતાં લાગ્યો. આવી રીતે પોસ્ટની મારફતે કોઇ તુવેરની દાળ જેવી વસ્તુ મોકલે એ પોસ્ટ ખાતાના માણસોને બહુ અજાયબ જેવું લાગ્યું અને તેમને શક પેઠો કે અંદર મોકલેલી

વસ્તુ તુવેરની દાળ નહિ હોય પણ બીજી કંઇ વસ્તુ હશે કે જે છુપાવવાને વાસ્તે તુવેરની દાળનું નામ આપવામાં આવ્યું હશે. આથી મુંબાઇની પોસ્ટ આફીસ વાળાઓએ નેપાળની પોસ્ટ આફીસના માણસોને ચેતવણી આપી કે તુવેરની દાળના પારસલ લેનાર ધણીને પોસ્ટઆફીસમાં બોલાવી પોતાની સન્મુખ તે પોટલું ખોલાવવું ને ખાત્રી કરવી કે જેમ જણાવવામાં આવ્યું હતું તેમ અંદરની વસ્તુ તુવેરની દાળ છે કે બીજું કંઈ છે. આથી નેપાળની પોસ્ટઆફીસમાં મને બોલાવવામાં આવ્યો ને પારસલ ખોલવામાં આવ્યું. પારસલની અંદર ખરેખરી તુવેરની દાળજ હતી એ જોઇ નેપાળની પોસ્ટ આફીસના માણસો બહુજ ચકિત થઇ ગયા કારણ કે તેમને અજાયબ જેવુ લાગ્યું કે એક માણસ ટપાલનો મોટો દર ખરચી ટપાલ મારફતે તુવેરની દાળ મોકલે. આવી આવી રીતના ડા. ભાઉ દાજીના પોતાની ઉપરના પ્રેમભાવના દાખલાઓથી પંડિત ભગવાનલાલને ડા. ભાઉ દાજીનું મોત ઘણું સાંભરતું. ભગવાનલાલે ધાર્યું કે પોતાના આવા એક આશ્રયદાતા, શેઠ, ગુરૂ અને મિત્રની ખરેખરી યાદગીરી પોતાના મનમાં હંમેશને વાસ્તે રાખવાનો ખરો રસ્તો એજ હતો કે તેમના આશ્રયથી શરૂ કીધેલી શોધોમાંજ પોતે મચ્યા રેહેવું.

## અંગ્રેજી ભાષાના અપૂર્ણ જ્ઞાનથી તેમને પડેલી મુશ્કેલી.

એક ખરેખરો વિદ્વાન પુરૂષ કોને કહેવો તેની સમજણ પંડિત ભગવાનલાલને ડા. ભાઉદાજીની રીત ભાતથી તથા વિદ્યાને વાસ્તેજ વિદ્યા સંપાદન કરવી એ પોતાના ઠરાવથી પુરેપુરી રીતે પડી હતી. ડા. ભાઉ દાજીના દાખલા ઉપરથી તેમના જોવામાં આવ્યું કે હવે પોતાના ઉપરજ આધાર રાખીને તથા પોતાનાજ પરિશ્રમથી તેઓ અસલી લેખોની હુન્નર વિદ્યાને એક બે ડગલાં આગળ વધારી શકે એવી શકિતવાળા થયા હતા. અંગ્રેજી ભાષામાં પોતાના વિચારો જેવા જોઇએ એવી સંતોષકારક રીતે બતાવવાના પોતાના અશકતપણાથી તેમને થોડીક અડચણ પડતી પરંતુ એ અડચણથી કંઇ પોતાની શોધોના કામમાં તેઓ જરા પણ પાછળ હઠતા નહિ. ડા. બ્યુલર, મી. જે. એમ. કેમ્પબેલ, ડા. કોડરિંગટન, ડા. બરજેસ, ડા. પિટરસન, ડા. ડા. કુન્હા વિગેરે બીજા વિદ્વાન ગૃહસ્થો પંડિત ભગવાનલાલ જોડે પુષ્કળ મિત્રભાવથી વર્તતા હતા. તેઓ સઘળા પંડિતની યોગ્યતા તથા વિદ્વતા વિષે

ઉંચો વિચાર ધરાવતા હતા અને પંડિત જેવા અસલી લેખોના વિષયમાં પૂર્ણ રીતે ઘડાયલા પુરૂષ તરફથી એ વિષયના સંબંધમાં જે કંઇ જાહેર લખાણ થતું તે તરફ તેઓ પુષ્કળ ધ્યાન પોંહોચાડતા. ડા. બ્યુલર તો વખતો વખત પંડિતના ગુજરાતી લખાણને અંગ્રેજીમાં મુકી આપતા અને પંડિત ભગવાનલાલે પોતાના લખાણમાં આણેલા નિવેડાઓ જો તેમના મનમાં યોગ્ય લાગતા તો તેઓ તેને સ્વિકારતા અથવા જો તે વિષે તેઓ સંતોષ ન પામતા તો પોતાના મતફેરનું કારણ તેઓ જાહેર કરતા. આવી રીતે પોતે અંગ્રેજીમાં કરી આપેલું પંડિતનું ગુજરાતી લખાણ અસલનાં 'નાગરી આંકડાઓ'ના સંબંધમાં હતું. એ લખાણમાં પંડિતે એવી શોધ કરેલી જાહેર કરી હતી કે અસલના 'નાગરી આંકડાઓ' માત્ર અક્ષરોજ છે કે જે અક્ષરો ક્ષત્રપ, વલ્લભી, તથા ગુપ્ત વંશના શિલા લેખોમાં તથા સિક્કાઓમાં જોવામાં આવે છે. પંડિતના આ વિષય વિષેના ગુજરાતી લખાણનો અંગ્રેજી તરજુમો કર્યા પછી ડા. બ્યુલરે તળે તાજે કલમથી લખ્યું હતું કે આ લખાણનો અંગ્રેજી તરજુમો કરવાનું કામ તેણે એ પણ એક કારણથી માથે લીધેલું હતું કે 'પંડિતે પોતાના લખાણમાં

આણેલી સઘળી દલીલોપર પુખ્ત ધ્યાન પોંહોંચાડયા પછી મારી પુરેપુરી ખાત્રી થઇ હતી કે તેણે કીધેલી શોધ ખરી હતી અને હું ઇચ્છતો હતો કે મારા યુરોપિયન સંસ્કૃત વિદ્વાનોને એ શોધથી હું જલદીથી વાકેફ કરી શકું અને પંડિત ભગવાનલાલને તેમણે એ શોધથી સંપાદન કીધેલી કીર્ત્તિ અપાવી શકું". આ ઇલાકાના જાણીતા સનંદી અમલદાર મી૰ જે. એમ. કેમ્પબેલ જોડે પંડિત ભગવાનલાલ 'મુંબઇ ગેઝેટીઅર' તૈયાર કરવાના કામને લીધે તથા સોપારામાંથી નિકળેલી બુદ્ધાની મૂર્તિ વિગેરેના નિકળવાને લગતી બાબતને લીધે ધાડ સંબંધમાં આવ્યા હતા. ડા. બરજેસ પણ પંડિત ભગવાનલાલ જોડે પુષ્કળ પત્ર વ્યવહાર ચલાવતા અને શિલા લેખો ઉકેલવાના કામમાં તથા તેની નકલો તૈયાર કરવાના કામમાં તેમની ઘણુંખરૂં મદદ લેતા. ડા. બ્યુલર તથા ડા. બરજેસની મદદથીજ પોતાની તપાસમાંથી મળી આવેલા શિલા લેખો બહાર પાડવા પંડિત ભગવાનલાલ શકિતમાન થયા હતા.

## ભગવાનલાલનાં પ્રસિદ્ધ થયલાં લખાણો.

આ રીતે પોતાની શોધો બહાર પાડનારાં એક પછી એક લખાણો તેઓ પ્રસિદ્ધ કરતા ગયા. એ રીતે તેમનાં અત્યાર લગણમાં બહાર પડેલાં લખાણોની સંખ્યા નીચે જણાવ્યા મુજબની છે.

(અ) મુંબઇની રોયલ એશિયાટિક સોસાયટીના જરનલમાં તેમણે કરેલાં લખાણો.

(૧) ગુજરાત તથા માળવાના ગાધિયાના સિક્કાઓ.

(૨) શિલાલેખોની સુધારેલી નકલો તથા તેનાં ભાષાંતરો.

(૩) નાનેઘાટના શિલાલેખમાંથી મળી આવેલા અસલી નાગરી આંકડાઓ.

(૪) કન્હેરીની ગુફાના શિલાલેખમાંથી એક નવો જડી આવેલો આંધ્રભૃત્ય રાજાનો લેખ.

(૫) સિલ્હાર વંશના વખતનું તામ્રપત્ર.

(૬) દક્ષિણ હિંદુસ્તાનના આંધ્રભૃત્ય રાજાઓના સિક્કાઓ.

(૭) સોપારા અને પડણમાંથી મળી આવેલી અસલના કાળની વસ્તુઓ.

(૮) નવસારીમાંથી મળી આવેલું ચાલુક્ય વંશના વખતનું નવું તામ્રપત્ર.

(૯) રાષ્ટ્રકુટ વંશના વખતનું એક નવું તામ્રપત્ર.

(૧૦) ધરસેનના ત્રૈકુટક રાજાના વખતનું એક તામ્રપત્ર.

(૧૧) ભિતારી લાટના શિલાલેખની નકલ તથા તેનું ભાષાંતર.

(૧૨) અશોકવાલા રાજાના વખતનો શિલાલેખ.

(ખ) અત્રે પ્રસિદ્ધ થતાં 'ઇન્ડિયન એનટિકવરી' નામના માસિક પુસ્તકમાં તેમણે કરેલાં લખાણો.

(૧૩) અસલના નાગરી આંકડાઓ, ડા. બ્યુલર-ની ટિકા સહિત.

(૧૪) ગિરનાર ઉપરનો રૂદ્રદામ શિલાલેખ.

(૧૫) શૈવ પ્રક્રમા.

(૧૬) નેપાળમાંથી મળી આવેલા શિલાલેખો.

(૧૭) કોમ ઉરફે કામવનમાંથી મળી આવેલા શિલાલેખો.

(૧૮) અશોકના વખતના શિલાલેખો.

(૧૯) સ્કંદ ગુપ્તના વખતનો કુન્હાન શિલાલેખ.

(૨૦) બુદ્ધનિર્વાણ પછી ૧૮૧૩ના વર્ષનો ગયા શેહેર ખાતેથી મળી આવલો એક શિલાલેખ તથા એજ કાળના બીજા બે શિલાલેખો.

(૨૧) સિહોરનો એકટ્રીવનવાલા શીલાલેખ.

(૨૨) એક નવો યાદવ વંશ.

(૨૩ એક નવું ગુર્જર તામ્રપત્ર.

(૨૪) નેપાળના ઇતિહાસના સંબંધમાં કેટલાક વિચારો, ડા. બ્યુલરની ટિકા સહિત.

(ક) ૧૮૮૩ના વર્ષમાં લેઇડન ખાતે મળેલી ઇન્ટરનેશનલ કોંગ્રેસ વખતે વંચાયલું તેમનું લખાણ.

(૨૫) ઉદયગીરીની ગુફાઓમાંથી મળી આવેલો હાથીગુંફ તથા બીજા ત્રણ શિલાલેખો.

(ડ) 'મુંબાઇ ગેઝિટિયર' માટે તેમણે કરેલાં લખાણો.

(૨૬) ગેઝિટિયરના સઘળાં પુસ્તકોમાં અસલી કોતરકામો વિષે આવેલાં સઘળાં લખાણો.

(૨૭) પશ્ચિમ હિંદુસ્તાનમાંના ગુફામાં આવેલાં દેવાલયોમાંના શિલાલેખો તેના વર્ણન સાથે, ડા. બરજેસ તરફની ટિકા સહિત.

(૨૮) 'પશ્ચિમ હિંદુસ્તાનના અસલ કોતરકામની તપાસ' એ નામના ડા. બરજેસના પુસ્તકમાં તેમણે કરેલાં કેટલાંક લખણો.

ઉપર જણાવેલાં લખાણોમાંથી કેટલાંક લખાણોથી જે કેટલીક નવી શોધો તેમણે પ્રસિદ્ધ કરી હતી તેથી તેમની હિંદુસ્તાનમાં એટલુંજ નહિં પણ યુ

રોપના વિદ્વાનોમાં પણ વિખ્યાતી થઇ ગઇ. અસલી નાગરી આંકડાઓની શોધ વિષે કરેલાં તેમનાં લખાણના સંબંધમાં તો હું ઉપર બોલી ગયો છું. ડા. બ્યુલરે જણાવ્યું હતું તેમ અસલી નાગરી આંકડાઓની આ એકજ શોધથી 'શિલાલેખો વિગેરેના વિષયના સંબંધમાં એક ઉંચી પંક્તિના વિદ્વાન પુરૂષ તરીકેની તેમણે વિખ્યાતી મેળવી હતી. તેમની બીજી શોધ કે જેની ચરચા આખા હિંદુસ્તાનના તથા યૂરોપના વિદ્વાન પુરૂષોમાં ચાલી હતી એટલુંજ નહિં પણ સિલોનના બુદ્ધ ધર્મ પાળનારાઓમાં તથા મુંબાઇના જૈનોમાં પણ ચાલી રહી હતી તે તેમની શોધ તે ૧૮૮૨ના એપ્રિલ મહિનામાં વસાઇ આગળ આવેલા સોપારા શેહેરમાંથી મળી આવેલી બુદ્ધની મૂર્તિઓ વિગેરેની હતી. આ ઉપલી શોધને લગતી સઘળી બાબતો, એ શોધથી મળી આવેલી બુદ્ધની મૂર્તિઓમાંની એક મૂર્તિની ૨૦૦૦ રૂપિયાની કિમતે મુંબાઇના એક વ્યાપારીએ કરેલી માગણી, એ શોધ વખતે મળી આવેલા ગૌતમના માટીના વાસણનો એક નાનો સરખો કકડો સિલોનની એડમ્સ પિક ઉપર આવેલા મઠમાં મુકવા વાસ્તે આપવાની સિલોનના વડા બૌદ્ધ ધર્મગુરૂ

એચ. સુમંગળે મુંબઇની સરકારને કરેલી અરજી, સિલોનની વિદ્યોદય કોલેજમાં તેનું જાહેરમાં મુકવામાં આવવું, અશોકના આઠમાં શાસનના એક ટુકડાનું મળી આવવું, એ સઘળી બાબતો તો તમારા સઘળાઓના મનમાં એટલી તાજી હશે કે તે વિષે વધુ વિવેચન કરી તમારો વખત અમથો રોકવા હું માંગતો નથી. મારે એટલુંજ કહેવું બસ થશે કે સોપારામાંની આ મોટી શોધ માટે એક ખાસ ઠરાવ જાહેર કરી મુંબાઇ સરકારે પંડિત ભગવાનલાલનો તથા મી૦ જે. એમ. કેમ્પબેલનો આ શોધના સંબંધમાં તેમણે લીધેલા અથાક શ્રમ માટે ઉપકાર માન્યો હતો. એ તો તમોને ખબર હશે કે સોપારામાંથી મળી આવેલી આ સઘળી વસ્તુઓ ઇંગ્લંડ મોકલી દેવાની ડા. બરજેસે મુંબાઇ સરકારને ભલામણ કરી હતી તથાપિ તે ન માની મુંબાઈ સરકારે તે સઘળી વસ્તુ આપણી સભાના મ્યુઝિયમમાં મુકવા ફરમાવ્યું હતું.

## ભગવાનલાલને યૂરોપમાંથી મળેલાં માનો.

ઉપલાં વિદ્વતા ભરેલાં લખાણોથી અને અગત્યની શોધોથી હિંદુસ્તાન તથા યૂરોપના વિદ્વાનોમાં પંડિત

ભગવાનવાલનું માન બહુ વધી ગયું. ત્યારપછી તેમને એક પછી એક ખેતાબોનું માન મળતું ગયું. આપણી સભાએ તેમને ૧૮૭૭ના વર્ષમાં આ સભાના હોનરરી જન્મ સુધીના સભાસદ નિમ્યા. ૧૮૮૩ના અકટોબર મહિનામાં હેગના રોયલ ઇનસ્ટિટયુટે તેમને પોતાની સભાના ફોરીન સભાસદ નિમ્યા. 'નાશક, પાંડુલેના ગુફાઓ' એ સંબંધી પંડિત ભગવાનલાલે જે એક રસાલો પ્રસિદ્ધ કીધો હતો તેની એક નકલ જે તેમણે પ્રોફેસર મેકસ મ્યુલર ઉપર મોકલી આપી હતી તેની પોહોંચ કબુલ રાખતાં પ્રોફેસર મેકસ મ્યુલરે ડા. ભગવાનલાલને લખ્યું હતું, 'જે ઉચા પ્રકારનું કામ તમે બજાવ્યા જાઓ છો તે માટે હું તમને મુબારકબાદી આપું છું અને આશા રાખુ છું કે ભવિષ્યમાં પણ તમે તે એમને એમજ આગળ ચલાવ્યા જશો. ડા. ભાઉદાજી પરલોકવાસી થયાથી તેમની એક મોટી ખોટ પડી ગઇ હતી પરંતુ તમે તેની જગ્યા સાચવવાને તથા તેણે કીધેલું કામ આગળ વધારવાને શકિતમાન થયલા જણાઓછો. તમે તમારી જાતને એક પ્રમાણિક અભ્યાસી તરિકે સિદ્ધ કરી આપ્યાછે અને મારા વિચાર પ્રમાણે તમારૂં તેમ હોવું ગમે તેટલી વિદ્યા કરતાંપણ વધારે કિમતનું હું સમજું છું, વળી ૧૮૮૪ના

જાનેવારીમાં લેઇડન યુનિવર્સીટીની સેનેટે પંડિત ભગવાનલાલને ડોકટરની ઓનરરી ડીગ્રી અર્પણ કરી. આ માન વિષે પંડિત ભગવાનલાલને ખબર કરતાં પોતાના પત્રમાં પ્રોફેસર એચ. કર્ને લખ્યું હતું 'હિંદુસ્તાનનું અસલી કોતરકામ, તથા શિલાલેખો વિગેરેના સંબધમાં અગત્યની શોધો કરી તે વિદ્યાને તમે જે આગળ વધારોછો તે તમારી સેવાના બદલામાં જે અગત્યનું માન તમને આપવામાં આવે છે તે માન મેળવવા માટે તમને હું મારા અંતઃકરણથી મુબારકબાદી આપું છું. અમારી સેનેટ તમને આપેલાં ઉપલાં માનથી તમારી ખાત્રી થશે કે જેમ તમારી શોધોની ખરી કિંમત તમારા દેશમાં કરવામાં આવે છે તેમ યૂરોપમાં પણ કરવામાં આવે છે ખરી.' એજ પ્રસંગે વળી ગ્રેટબ્રિટન તથા આયરલંડની રોયલ એશિયાટિક સોસાયટીએ પણ પંડિત ભગવાનલાલને પોતાની સભાના એક હોનરરી જન્મ સુધીના સભાસદ તરિકે ચુંટી કાઢયા. પંડિત ભગવાનલાલની ચૂંટણીને કરનલ યુલ, સર એડવર્ડ કલાઇવ બેઇલી વિગેરે બીજા મોટા મોટા વિદ્વાન પુરૂષોએ અગત્યનો મોટો ટેકો આપ્યો હતો. પંડિત ભગવાનલાલને આ ચંટણીનાં ફતેહ ભરેલાં પરિણામ

વિષે ખબર આપતાં મી૦ એડવર્ડ થોમસે તેમને લખ્યું હતું 'જો કે તમારી સામું ઓરિએન્ટલ કોંગ્રેસનો આગલો પ્રમૂખ બહાર પડયો હતો તે છતાં અમે તેને હરાવી તમને ચૂંટી કઢાવવામાં ફતેહ પામ્યા છીએ"

## ગુજરાતનો ઇતિહાસ.

'મુંબાઇ ગેઝિટિયર' તૈયાર કરનારનો એવો વિચાર હતો કે ગેઝિટિયરના પેહેલાં પુસ્તકના મોટા ભાગમાં આ ઇલાકાના બે મોટા ભાગનો પ્રાચીન ઇતિહાસ દાખલ થવો જોઇએ. આ ઉપરથી આ ઇલાકાના એક અગત્યના ભાગ દક્ષણનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાનું કામ પ્રોફેસર રામકૃષ્ણ ગોપાળ ભંડારકરને સોંપવામાં આવ્યું. દક્ષણનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાને માટે આ ગ્રહસ્થથી વધારે લાયક માણસ બીજો કોઇ ભાગ્યેજ મળી આવત. અત્યંત મેહેનત લઇ પ્રોફેસર રામકૃષ્ણ ભંડારકરે પોતાનું કામ ઘણી શ્રેષ્ઠ રીતે બજાવ્યું છે. અસલના કાળનાં ઈતિહાસના સંબંધમાં હાલના વિદ્વાનોએ જે જે નવી શોધો કરીછે તે સઘળાને બરાબર ધ્યાનમાં રાખી પ્રોફેસર ભંડારકરે ઉપલો ઇતિહાસ તૈયાર કર્યો છે. પણ મુંબાઈ ઇલાકાનો બીજો અગત્યનો

ભાગ જે ગુજરાત તેનાં પ્રાચીન ઇતિહાસ માટેનાં સાધનો માત્ર આમ તેમ વિખરાયલી હાલતમાં હતાં. ગુજરાતના પ્રાચીન ઇતિહાસના સંબંધમાં નવી શોધો કરનારા બે વિદ્વાન ગૃહસ્થો ડા. બ્યુલર તથા પંડિત ભગવાનલાલ ઇંદ્રજી હતા. ડા. બ્યુલરને નોકરીનું રોકાણ મોટું હોવાથી ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાનું કામ તેઓ પોતાને માથે લઇ શકયા નહિં અને તેથી કરીને એ કામ આખરે પંડિત ભગવાનલાલને સોંપવામાં આવ્યું. પંડિત ભગવાનલાલને તેના આ કામમાં મદદ આપવા માટે પોતાની આફીસમાં અસલી લેખો તથા અસલી કોતરકામ વિષે ઉંચી પંક્તિનું જ્ઞાન મેળવેલું એવા મી. રતીરામ દુર્ગારામ દ્વીવેદી બી. એ. એમની સોંપણી મી૦ જે. એમ. કેમ્પબેલે કરી હતી. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ તૈયાર કરવાનું કામ ઘણું અગત્યનું સમજી પંડિતને તેના આ કામમાં સઘળી તરેહની મદદ આપવાનું મુંબાઈ સરકારે ઘટિત વિચાર્યું. તા૦ ૩જી જાન્યુઆરી ૧૮૮૭ને દિને એક ખાસ ઠરાવ બહાર પાડી સરકારે એવું જણાવ્યું કે મુંબઇ સરકાર એવું વિચારે છે કે છુટા છવાયા પડેલા અસલી લેખો તથા તામ્રપત્રો, વિગેરે ગુજરાતના આ પ્રાચીન ઇતિહાસમાં જો દાખલ થઇ શકે

તો તેથી તેમની અગત્યતા વધશે અને તેથી કરીને તે એ ગુજરાતના કલેક્ટરો, પોલિટિકલ એજંટો તથા બીજા સરકારી અમલદારોને ફરમાવે છે કે કોઇ વગર ભાષાંતર થએલો શિલાલેખ અથવા તામ્રપત્ર કોઇ દેશી રાજ્યના કબજામાં હોય અથવા કોઇ દેવાલયમાં હોય અથવા તો કોઇ ખાનગી ગ્રહસ્થની પાસે હોય તો તે જીલ્લાના અમલદારે તે હોવાની વાત નક્કી કરવી અને પછી તે શિલાલેખ અથવા તામ્રપત્રના માલિકને તે તામ્રપત્ર અથવા શિલાલેખની નકલ સરકારને ધીરવા વિનંતી કરવી અને તે પંડિત ભગવાનલાલ ઉપર મોકલી આપવું, પણ તેમ કરતાં તે તામ્રપત્ર વિગેરેના માલિકને ખાત્રી આપવી કે તે ઉકેલાઇ રહ્યા પછી તે તેને પાછું સ્વાધીન કરી દેવામાં આવશે. પંડિત ભગવાનલાલનો વિચાર ગુજરાતનો આ પ્રાચીન ઇતિહાસ જેમ બને તેમ જલદી પુરો કરી દેવાનો હતો એમ લાગે છે, કારણ કે તેઓએ વાલકેશ્વરથી શેહેરમાં દરરોજ સાંજે પોતે રાખેલી ઓરડીએ આવી બે કલાક સુધી આ કામ મી૰ રતિરામ જોડે કરવાનો નિયમ રાખ્યો હતો. હું ધારૂં છું કે આ રીતે કામ લેવાથી ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો લગભગ પોણો

ભાગ છપાવવાને વાસ્તે તૈયાર થઇ ચુકયો છે. બાકીના ભાગને વાસ્તે મને એમ જણાવવામાં આવ્યું છે કે તે સંબંધી છુટું છવાયું લખાણ પંડિતના પોતાના હાથ દસ્કતનું પંડિતના વસિયતનામાને વહિવટ કરનાર ગ્રહસ્થ મી૦ કરસનદાસ વલ્લભદાસના હવાલામાં છે. આ અગત્યનું પુસ્તક બહાર પડવામાં જે ઢીલ થઇ તેનાં ઘણાંક કારણો જણાય છે. એક તો એ કે પંડિત પોતાનું કામ ઘણું પાકું કરવા માગતા હતા એટલે વખતે જો કંઇ નવો શિલા લેખ અથવા તામ્રપત્ર મળી આવતું તો તે સંબંધી વિચાર કરવામાંજ પંડિતનું મન રોકાઇ જતું. બીજું એ કે પંડિતને પોતાનો મરણકાળ પાસે આવતો લાગતો હતો અને તેથી તેમના મનની હાલત જરાક એવીજ રેહેતી હતી અને ત્રીજું કદાચિત એ હોશે કે મી૦ રતિરામના પોતાના રોકાણને લીધે આ અગત્યનું પુસ્તક તૈયાર કરવાંમાં અને બહાર પડવામાં વિલંબ થયો હશે. એ પુસ્તક એવું છે કે જે પંડિતના અસલી લેખો ને કોતરકામના અથાગ જ્ઞાનના સ્તંભ તરિકે બહાર પડવાની ઘણા ઉમંગથી સઘળી તરફથી ઇંતેજારી રાખવામાં આવે છે. હું આશા રાખુંછું કે આ અગત્યનું પુસ્તક ઘણા નજદિકનાં ભવિષ્યમાં બહાર પાડવામાં આવશે.

## ૬૭
## અસલી લેખોની વિદ્યાને આગળ વધારવામાં પંડિતે શું કીધું છે તે વિષે

પંડિતની જીંદગી વિષે આટલું વિવેચન કરી રહ્યા પછી આપણે હવે એ સવાલ ઉપર આવીશું કે અસલી લેખોની વિદ્યાને આગળ વધારવામાં પંડિત કેટલે દરજ્જે ફતેહ પામ્યા છે. અસલી લેખોની વિદ્યામાં પૂર્ણ માહિતી ધરાવનારાઓમાં પંડિત કયે પદે બીરાજે છે તે નક્કી કરવાનો હજુ અવકાશ છે. પરંતુ એટલું તો હું ખચ્ચિત કહી શકું છું કે જો એક સાધારણ માણસ પ્રમાણીકપણે અને સ્વતંત્રપણાથી જોશે કે આજ પાંત્રીસ વર્ષ ઉપર જ્યારે કરનલ લેંગે પંડિત ભગવાનલાલને ન સમજાય એવા અસલી અક્ષરોવાળો કાગળ ઉકેલવા આપ્યો તે વખતની અસલી લેખોની વિદ્યા અને હાલની તે વિદ્યાની હાલતમાં કેટલો ફેર પડી ગયો છે તો તે સહજ સમજી શકશે કે પંડિત ભગવાનલાલે પોતાના જ્ઞાનથી અને શોધોથી અસલી લેખોની એ વિદ્યાને બહુ આગળ વધારી દીધી છે. આથી હું કંઇ એમ કહેવા માગતો નથી કે પંડિત પોતાની

શોધોમાં અગર કલ્પનામાં કોઇ કોઇ વાર ચૂકયાં નથી. એમ બનવું એ કોઇ પણ માણસના સંબંધમાં અશક્ય છે. કેટલાક શિલા લેખોનું ઉકેલવું તથા અર્થ જે તેમણે કાધેલા છે તેના ખરાપણાં વિષે કેટલીકવાર શક બતાવવામાં આવ્યા છે. વળી અસલી લેખોની વિદ્યાના સંબંધમાં જે કેટલાંક લખાણો કરી તેઓ ચોક્કસ તરેહના અનુમાનો ઉપર આવ્યા છે તે અનુમાનો ખરાં છે કે ખોટાં તેના સંબંધમાં ઘણીક તરેહનો મત ફેર જોવામાં આવેલો છે. આ દેશની અસલી લેખોની વિદ્યા બીજી વિદ્યાઓની પેઠ ધીમે ધીમે આગળ વધનારી છે. એક વિદ્વાન કંઇ ચોક્કસ શિલાલેખને અમુક રીતે ઉકેલી ગયો હોય છે તથા તેનો અર્થ કરી ગયો હોય છે તો બીજો તેમાં તેને યોગ્ય લાગે તેવો સુધારો કરે છે અને એ રીતે એ વિદ્યા આગળ વધતી જાય છે. મારા વિચાર પ્રમાણે આ દેશની અસલી લેખોની વિદ્યાને આગળ વધારવા માટે બે બાબતો જરૂરની છે. (૧) એક તો એકે અસલના મુળાક્ષરોની બરાબર નકલો લેવાઇ જોઇએ તથા તે બરાબર ઉકેલાઇ શકાઇ જોઇએ; અને (૨) બીજું એકે યોગ્ય તપાસ કરી તથા સરખામણી કરી તેઓએ એવા પ્રકારના અનુમાનો ઉપર આવવું

જોઇએ કે જે અનુમાનો સાધારણ અક્કલ અને સમજ કબુલ કરે એવાં હોય. પંડિત ભગવાનલાલૈ જે કેટલીકવાર અગાડી ન કરવામાં આવેલાં અનુંમાનો પૂર હિમ્મતથી કરતા અને વળી તે પાછળથી ખરાં પણ પડતાં તેનું કારણ હું ધારૂછું કે એજ હશે કે તેઓ ઉપલી બે રીતો ધ્યાનમાં લઇ પોતાનાં અનુમાનો ઉપર આવતા હશે. અસલી લેખો ને લગતી બાબતોના સંબંધમાં તેઓ પુષ્કળ વિચાર પછીજ ચોક્કસ અભિપ્રાયો ઉપર આવતા અને એકવાર એવા અભિપ્રાયો ઉપર આવ્યા પછી પોતે આપેલા અભિપ્રાયોનાં અનુમાનોની અગત્યતા ધ્યાનમાં લઇ તેઓ તેજ અનુમાનોને જરાપણ અચકાયા વગર વળગી રેહેતા. તેમના સંબંધમાં એક બીજું જાણવા જોગ એ હતું કે જો કે અસલી લેખોની વિદ્યા જેવી એક ગુઢ વિદ્યા જોડે કામ લેવામાં તેમને ઘણી હરકતો નડી હતી તો પણ તેમ છતાં તેઓ જે એ વિદ્યામાં આટલા આગળ વધ્યા તે પોતાની હોંશીયારી, હિમ્મત તથા શોધો કરવા પાછળ તેમના અત્યંત પરિશ્રમને લીધે હતું.

બીજાઓ કરતાં પંડિત પોતે જાતે સારી પેઠે જાણતા હતા કે મારી બચપણની કેળવણી ખોડવાળી હતી

અને તેથી મારું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું અપૂર્ણ હતું તથા પોતે અંગ્રેજી ભાષામાં પોતાના કેહેવાની મતલબ સામા માણસને સમજાવી શકતા નહોતા. આમ છતાં યુરોપિયન વિદ્વાનો એ વિદ્યાના સંબંધમાં અંગ્રેજી ભાષામાં લખાણો કરી જે અનુમાનો તેઓ બાંધતા તેની મૂખ્ય મતલબ પંડિત ભગવાનલાલ પોતાના મન ઉપર એટલી તો હોંશી-આરીથી ઠસાવી શકતા કે તેઓ તે ધ્યાન ઉપર લીધા પછી ઘણી સેહેલથી કહી શકતા કે અમુક યુરોપિયન વિદ્વાન તેના કયા અનુમાનમાં ખરો છે અને કયા અનુમાનોમાં પોતાના મતથી જુદો પડે છે. આ રીતે યુરોપના વિદ્વાનો જે નવી શોધો આ દેશની અસલી લેખોની વિદ્યાના સંબંધમાં કરતા તે સઘળાથી પંડિત ભગવાનલાલ પોતાને બરાબર વાકેફ રાખતા અને પાછળથી તેઓ જાતે પોતેજ એ વિદ્યાના સંબંધમાં આખી દુનિયાને માટે નવુંજ અજવાળું પાડવા લાગ્યા હતા. તેઓ આ કામમાં વધારે ફાવ્યા તેનું કારણ એ હતું કે એ વિષયના સંબંધમાં તેમને પૂર્ણ જ્ઞાન હતું અને બીજું એ કે શિલા લેખોના મૂળાક્ષરોની તેઓ નકલો જોતા નહિ પણ અસલ શિલા લેખોના સ્થળોપર જઇ તે શિલા લેખોજ

પોતે જોતા. આજ કારણથી ડા. બરજેસ તથા મી ફ્લીટ જ્યારે જ્યારે કોઇ શિલા લેખો તથા તામ્રપત્રો ઉકેલવામાં ગુંચવાતા અને તેમને સમજ નહોતી પડતી ત્યારે તેઓ પંડિત ભગવાનલાલની તે કામમાં મદદ માગતા કે જેઓ તેમની તે ગુંચવણનો નિવેડો આણતા. એ પ્રમાણે એ શિલા લેખો તથા તામ્રપત્રો પંડિત સેહેલથી ઉકેલી શકતા તે આથી હતું કે તેઓએ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મુસાફરી કરી આ પ્રકારના કામનો ઘણો ઉંચા પ્રકારનો અનુભવ મેળવેલો હતો. ઐતિહાસિક શોધો કરવાનો તેમને અત્યંત પ્રેમ હતો અને તે કરવા પાછળ તેઓ હંમેશ ધુમતા. જેવા તેઓ એક પ્રવાસ કરતા અને તેમાં કંઇ શોધ કરવામાં ફતેહ પામતા કે તેમને બીજો પ્રવાસ કરી વધારે શોધો કરવાનું મન થતું. આ રીતે પૂર્વ હિંદુસ્તાન, પશ્ચિમ હિંદુસ્તાન અને ઉત્તર હિંદુસ્તાન તથા બલુચિસ્તાન અને ટિબેટની લગભગમાં આવેલી સઘળી પ્રખ્યાત ગુફાઓ, મઠો, અસલી હિંદુ દેવાલયો, તથા સ્તૂપો વિગેરે તેમણે જોયાં હતાં. તેમણે આખા હિંદુસ્તાનમાં જુદી જુદી જાતના લોકો, તેમની જુદી જુદી રીતભાતો તથા તેમના ધર્મના પંથો એ સઘળી બાબતોના સંબંધમાં

અત્યંત જ્ઞાન સંપાદન કીધું હતું. આ તેમના પ્રવાસોથી તેમને એટલો બધો ફાયદો થતો કે જે તેમને માત્ર ઘેર રહ્યાથી કદીપણ મળી શકત નહિ. પોતાના પ્રવાસમાંથી તેઓ ઘણી ઘણી અગત્યની ખબરો લાવતા અને પોતે જે કંઇ જોયલું તેના સબંધમાં કંઇ કંઇ હાસ્ય ઉપજાવે એવી વાતો તેઓ પોતાના મિત્રોને કહેતા. તેઓ પોતાની શોધો ખરા મનથી ચલાવતા. પોતે પસંદ કરેલી વિદ્યા ઉપર તેમને અત્યંત પ્રેમભાવ હતો. અને સત્ય તેમને ઘણું જ વહાલું હતું. પરિણામ ફાયદા ભરેલું આવશે કે નહિ આવે તેની કોઇપણ પ્રકારે દરકાર કર્યા વગર તેઓ પોતાની શોધો બહુ મુશ્કેલી પડવા છતાં આગળ ચલાવ્યાં જતા હતા. તેઓ પોતાનું કામ એક મનથી, દૃઢતાથી અને ઉમંગથી કરતા અને તેથી ઘણું ખરૂં તેઓ ફતેહજ પામતા. પોતે કરવાની શોધો ખાતર ઘણાક દિવસ સુધી રાત ને દિવસ તેમને ગીચ જંગલોમાં રેહેવું પડતું. વાઘ વરૂનો જ્યાં ભય હોય એવી ગુફા અને મઠો જોવા તેઓ ભમતા. એમ કરવામાં તેમને તાઢ તડકો અને તરસ ને ભુખ તથા બીજી જે જે અગવડો તેમને વેઠવી પડતી તે તેઓ વેઠતા.

તેઓ હંમેશાં ઘણી સાદાઇથી પોતાની જીંદગી

ગુજારતા તથા તેઓ જે માણસો જોડે સંબંધમાં આવતા તેમની સાથે પૂર્ણ નમ્રતાથી વર્તતા. મનુષ્યના મનનાં ઉચ્ચાપણાં વિષે તથા મનુષ્યના આત્માની પવિત્રતા વિષે તેઓ ઘણો ઉંચો વિચાર ધરાવતા હતા. દુનિયાનો જે અનુભવ તેમણે મેળવ્યો હતો તેની અસર તેમના ઉપર ઘણી દ્રઢ રીતે થઇ હતી. ટુંકામાં તેમને વિષે કહીએ તો તેઓ એક હિંદુ જેવા નમ્ર અને મળતાવડા, એક જર્મન જેવા દ્રઢ, ક્ષમાવશ, અને શોધક, એક ઇંગ્રેજ જેવી જાગૃતી ધરાવનારા ને હોશીઆર હતા અને એક બુદ્ધ ધર્મના તિર્થંકર જેવું ગાંભિર્ય તેમનામાં હતું. તેમના આ છેલ્લા મંદવાડ વખતે તેમના ઘણા મિત્રો તેમની મુલાકાત લેવા આવતા અને તેઓ પંડિતની વિદ્વત્તા તથા તેમણે કીધેલી શોધો માટે તેમનાં ઘણાં ઘણાં વખાણ કરતા. તેમના જે યૂરોપિયન મિત્રો તેમના મંદવાડ વખતે મુંબાઈમાં નહોતા તેમણે પંડિતના મંદવાડના સમાચાર સાંભળી, પંડિત ઉપર દિલસોજીના પત્રો લખી મોકલ્યા હતા." આવો એક દિલસોજી બતાવનારો પત્ર પંડિત ઉપર તેમના મિત્ર મી૰ જે૰ એમ૰ કેમ્પબેલે લખ્યો હતો. તેમના પત્રમાંનો એક ફકરો આ નીચે હું ટાંકી બતાવું છું કારણ કે તેમાં પંડિત

ભગવાનલાલના ગુણોનું ખરેખરૂં વર્ણન પંડિત સાથના પોતાના પાકા અનુભવથી મી૦ જે૦ એમ૦ કેમ્પબેલે આપ્યુંછે. તા૦ ૨૯મી ફેબ્રુઆરીએ એક પત્ર લખતાં મી૦ જે૦ એમ૦ કેમ્પબેલ લખે છે 'તમારી જીંદગીનું કામ પુરૂં થવાનો કાળ લગભગ નજદીક આવ્યો છે એ જાણી હું બહુ ખેદ પામુંછું. અસલી લેખોની વિદ્યાના સંબંધમાં તમોએ જે કંઇ કર્યું છે તેનું તાત્પર્ય બતાવનારૂં તમારૂં લખાણ છપાઇ બાહાર પડે તેથી તમે જેટલા ખુશી થશો તેના કરતાં તમે જે પૈસા તથા મેહેનતનો ઉપયોગ ગરીબ દરદીઓને મંદવાડમાંથી સાજા કરવામાં કર્યો છે તે તમને આવે વખતે વધારે સંતોષ ઉપજાવનારો થઈ પડશે. જે પુષ્કળ જ્ઞાન તમે ધરાવો છો તે ભવિષ્યની પ્રજાને બતાવવાને માટે આટલુંજ થોડું તમારૂં લખાણ રેહેશે એ જાણી મને અત્યંત દિલગીરી લાગેછે. હું બહુજ દિલગીર છું કે, ગેઝીટિયર તૈયાર કરવામાં તમે જે અતિ ઘણી મદદ મને આપી છે તેના બદલામાં તમને હું કંઇજ કરી શકયો નથી. જો હું તમારી પડોશમાં હોત અથવા તો કામનું રોકાણ મને ઓછું હોત તો તમારે વાસ્તે હું કંઇક કરત, પરંતુ તમારી મેહેન-

તનો ફાયદો ગેઝીટિયરને મળવાનો હતો એમ જોઇ કોઈનાપર દબાણ કરવાનું અથવા કોઇને ઠપકો દેવાનું મારે નહોતું. મી૦ ભીમભાઇએ તમારી મુલાકાત લીધી તે વિષે તથા તમારી કિમતી સ્થાવર તથા જંગમ મિલકતની તમે જે વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું છે તે વિષે મી૦ ભીમભાઇએ મને લખી જણાવ્યું છે. હું જાણવાને બહુ ખુશી છું કે તમારૂં મન હજી ઠેકાણે છે અને તમે બહુ દુઃખ પામતા નથી. તમારી હિમ્મત વિષે તથા મરણ કાળને માટે જે નમ્રતાથી તમે તૈયાર થઇ રહ્યાછો તે વિષે તેઓ મને લખે છે. આ ઉંચા ગુણો તમારી હયાતીમાં તમારામાં જોયા છે તે ઉપરથી હું કહું છું કે મરણ કાળને સમયે પણ તમે તેવાજ રેહેશો. તમને ખોવાનો વખત પાસે આવે છે એથી મને બહુ દુઃખ થાય છે. તમે જે અગત્યની મદદો મને વખતો વખત આપેલીછે તે વાસ્તે જેટલો હું તમને ઉપકૃત છું તેના કરતાં તમને વધારે ઉપકૃત હું એ માટે છું કે તમે એક વિદ્વાન તથા ઉંચા ગુણવાળા પુરૂષ તથા શોધક મિત્ર તરિકેની યાદગારી મારી પાસે મુકી જાઓ છો.'

# પંડિતભગવાનલાલનીયાદગીરીકાયમ રાખવાને મળેલી સભાનો હેવાલ.

આગષ્ટ મહિનાની તા. ૧૮ મીને દિવસે અત્રેના ટાઉનહાલમાં રોયલ એશિયાટિક સોસાયટીની લાઈબ્રેરીના મકાનમાં સ્વર્ગવાસી પંડિત ભગવાનલાલની યાદગીરી કાયમ રાખવા માટે શા શા ઉપાય કરવા તે વિષે વિચાર કરવાને મરનાર પંડિતના મિત્રો તથા સ્નેહીઓની એક સભા મળી હતી. હાજર રહેલા ગ્રહસ્થોમાં હોનરેબલ મી. જસ્ટીસ સ્કોટ. મેસર્સ જે. મેકલીઓડ કેમ્બેલ, જે ગ્રીફીથ્સ, વ્રીજભુખણદાસ આત્મારામ, જવેરીલાલ ઉમીઆશંકર યાજ્ઞિક, રઘુનાથ નારાયણ ખોટે, પિટર પિટરસન, કરસનદાસ વલ્લભદાસ, પ્રભુરામ જીવણરામ, ત્રિભોવનદાસ મંગળદાસ નથુભાઇ, રતીરામ દુર્ગારામ, રામચંદ્ર હેમરાજ, નારાણદાસ પરશોતમદાસ, કરીમ નેનસી, દલપતરામ પ્રાણજીવન ખખ્ખર વિગેરેઓ હતા. મી. ત્રિભોવનદાસ મંગળદાસ નથુભાઈની દરખાસ્ત ઉપરથી પ્રમુખસ્થાને મી. જસ્ટીસ સ્કોટ બિરાજ્યા હતા.

પ્રમુખસ્થાને બિરાજ્યા પછી સભાનું કામ શરૂ કરતાં મી. જસ્ટીસ સ્કોટ બોલ્યાઃ—ગૃહસ્થો, આજની સભાના કામકાજમાં આગળ પડતો ભાગ લેતાં મને જરાક અડવું લાગે છે. મરહુમ પંડિત ભગવાનલાલ જેવા એક વિદ્વજ્જનના નામની યાદગીરી રાખવા માટે મળેલી આજની સભામાં માત્ર એક શ્રોતા તરિકે ભાગ લેવાથી કંઈ પણ વધુ કરવાનો મને બિલકુલ હક નથી એમ હું માનું છું. મરનાર ગૃહસ્થના મિત્ર હોવાનું મને માન મળ્યું નહોતું, તથાપી મેં તેમની હયાતીમાં તેમને વિષે સાંભળ્યું હતું અને જે ઘણુંક સાંભળ્યું હતું તે ઉપરથી હું માનતો હતો કે એ વિદ્વાન નર આ આર્યભૂમીના અસલના કાળની વિદ્વત્તા તથા તેના મહત્વનો ખરો ચિતાર આજના કાળની સુધરેલી પ્રજાની સન્મુખ બરાબર લાવવાને હંમેશ પોતાથી બને એટલું મથન કરતા હતા. વળી, અસલના શિલાલેખો અસલના કાળના ઇતિહાસના સંબંધમાં ઘણી અગત્યની વસ્તુઓ છે અને અમે કાયદાશાસ્ત્રીઓ અંમુક વાતો પુરવાર કરવા માટે તેને સર્વથી શ્રેષ્ઠ પુરાવો ગણીએ છીએ. વળી શિલાલેખો કે જેઓ તેમની ઐતિહાસિક કિમ્મતમાં અસલના કાળના

સિક્કા જેવાજ ગણી શકાય તે શિલા લેખો શોધી કાઢવામાં તથા તેમને ઉકેલવામાં પણ મરનાર એક્કા હતા એમ પણ મારા જાણવામાં છે. વળી હું માનું છું કે 'બોમ્બે ગેઝીટયર' હાલમાં જે આટલું બધું કિમતી લેખવામાં આવે છે તે કેટલેક દરજ્જે મરનારે તે પુસ્તકમાં અસલી લેખો સંબંધી અને અસલી કોતરકામને લગતા કીધેલાં લખાણોને લીધે છે. એ ઉપરાંત મરનારે ગુજરાતના અસલના કાળનો ઇતિહાસ લખવાનું પણ શરૂ કીધું હતું અને તેઓ પોતાના મિત્રો કે જેઓ તેમની તે કામ માટેની યોગ્યતાને વિષે શ્રેષ્ઠ વિચાર ધરાવતા હતા તેમની દીલગીરી વચ્ચે તે ઇતિહાસ પુરો કરવા પેહેલાં સ્વર્ગવાસ થઈ ગયા છે; પરંતુ આ સઘળી બાબતોના સબંધમાં મને બિલકુલજ જાતી અનુભવ નથી. હું આ સભામાં ભાગ લઉં છું તે એક બહારના ત્રાહિત માણસ તરિકે લઉં છું કે જે માણસો આવા પ્રકારના અભ્યાસમાં પડવા માટે અથવા એવી અસલી શોધો કરવા માટે જોઇતી ફુરસદ મેળવી શકતા નથી તો જો કે એવી શોધો કરનારના શ્રમની પિછાણ કરવાને તથા તેમની બરાબર કિમત કરવાને તેઓ પાછળ પડે એવા નથી. એવા પ્રકાર

ની હાલતમાં હું મુકાયલો હોવાથી, આ પ્રસંગે હુ જરૂર કરીને ધારૂં છું કે પ્રમુખસ્થાને બીરાજી મારી પછી જેઓ બોલવાના હોય તેમના બોલવાનો ભાવાર્થ મારે અગાડીથી આપી દેવો જોઇએ નહિં. આ સભામાં એવા ઘણાક ગૃહસ્થો હાજર છે કે જેઓ પંડિત ભગવાનલાલને મારા કરતાં વધારે સારી પેઠે ઓળખતા હતા અને તેથી કરીને તેમને વિષે વધારે સારી રીતે બોલવા તથા મરનાર જેટલી કિંમત પોતાની આંકતા હતા તેના કરતાં વધારે પાકી રીતે તેમની કિંમત આંકવા તેઓ શક્તિમાન છે. હવે આજની સભાના ખરેખરા હેતુ વિષે હું કંઇક બોલવા માગું છું. તે એ કે હું આશા રાખું છું કે જે ઉત્સાહી શોધકને આપણે ખોયો છે તેની યાદગીરી રાખવા માટે એટલુંજ નહિ પણ જે વિદ્યા પાછળ મરનાર મંડી રેહેતા હતા તે વિદ્યાના ઉત્તેજન માટે કંઇક મોટું પૈસાનું સાધન એકઠું થાય એ માટે આપણે પશ્ચિમ હિંદુસ્તાનની પ્રજાને વિનવી શકીશું. જો એ કામ માટે પુરતા પૈસા આપણે એકઠા કરી શકીએ તો તેમાંથી મરનારના નામની યાદગીરી રાખવા માટે આપણી યુનિવરસિટીમાં એક સ્કોલરશીપ અથવા તો ઇનામ સ્થાપવા

કરતાં વધારે સારો રસ્તો બીજો કોઇ જોવામાં આવતો હોય એમ હું તો ધારતો નથી.

પ્રોફેસર પિટરસન બોલ્યા:—પ્રમૂખ સાહેબ તથા ગૃહસ્થો, મને નિચલી દરખાસ્ત આપની સન્મુખ રજુ કરવાની ભલામણ કરવામાં આવી છે કે 'મરનાર પંડિત ભગવાનલાલની એક વિદ્વાન પુરૂષ તરીકેની તથા એક ઉંચા પ્રકારના અસલી લેખોનું જ્ઞાન ધરાવનાર તરીકેની શ્રેષ્ઠતાને લીધે તથા પોતાના જે ખાનગી સદ્દગુણોને લીધે તેઓ પોતાના બીજા મિત્ર શોધકોમાં તથા પોતાના સ્નેહીઓમાં વહાલા થઇ પડયા હતા તે માટે મુંબઇમાં તેમની યાદગીરી જાયુકની રહે તે માટેના યોગ્ય ઉપાયો લેવાં એ સઘળી રીતે યોગ્ય અને જરૂરનું છે.' આ દરખાસ્ત એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જેથી પંડિત ભગવાનલાલના લક્ષણોમાંના જે બે લક્ષણો વિષે આપણને હમણાં સૌથી પેહેલો વિચાર આવે છે તે બે લક્ષણો તેમાં આવી જાય છે. પ્રમુખ સાહેબે જે શરૂઆતમાં વિવેચન કર્યું છે તે ઉપરથી કદાચિત તમે એમ ધારતા હશો કે પંડિત ભગવાનલાલની એક વિદ્વાન પુરૂષ તરીકેની કારકીર્દી વિષે જોઇતી માહીતી મેળવીને હું અહિંયાં

આવ્યો છું. પણ તેમ નથી. આ દરખાસ્ત મારા હાથમાં હમણાંજ મુકવામાં આવી છે. પણ તે વિષે થોડુંક વિવેચન કરવું મને મુશ્કેલ પડશે નહિં. પંડિત ભગવાનલાલનો જન્મ એક સાધારણ કુટુંબમાં અને ખુણેખાંચરેના શેહેરમાં થવા છતાં અને તેથી તેઓ મોટી મોટી હરકતો ખમુવા છતાં પોતાના આપ બળથી એક અતિ વિદ્વાન પુરૂષ તરીકે તથા અસલી લેખો વિષે સારી માહિતી મેળવનાર તરીકે જગતમાં પોતાનું નામ કરવા ફતેહ પામ્ય હતા. ૧૮૮૩ના વર્ષમાં લેયડનમાં મળેલી ઓરીએન્ટલ કોંગ્રેસ હજુર તેમની તરફનું એક લખાણ લઈ જઈ વાંચવા માટે તે તેમણે મને સુંપરત કરવાનું માન આપ્યું હતું. કદાચિત તમને ખબર હશે કે લેયડન ઓરીએન્ટલ કોંગ્રેસ દર ત્રણ ત્રણ કે ચાર વર્ષે એકઠી મળે છે તથા એ કોંગ્રેસના મહત્વ વિષે યુરોપની સઘળી પ્રજાઓમાં ઘણો સારો વિચાર ધરાવવામાં આવે છે. એ કોંગ્રેસના આર્યના વિભાગ આગળ મુકવામાં આવેલા સઘળા નિબંધોમાં પંડિત ભગવાનલાલના નિબંધને સર્વથી અગત્યનો ગણવામાં આવ્યો હતો. લેયડન કોંગ્રેસ જેવી ખરા વિદ્વજ્જનોની મંડળી મરનાર પંડિતના નિબંધ વિષે

એવો ઉંચો વિચાર બતાવે એ કંઇ પંડિતને ઓછું માન
ભરેલું નહોતું. તમે જાણતા હશો કે ત્યાર પછી થો
ડા વખતમાં લેયડનની યુનિવર્સિટીએ પંડિતને 'ડાક
ટર ઓફ લાઝ'ની હોનરરી ડીગ્રી અર્પણ કરી
હતી. પંડિત ભગવાનલાલની કારકીર્દી વિષે વિચાર
કરતાં મારા મનમાં આવ્યા વગર રહેતું નથી કે
પંડિત જો વધારે સારી હાલતમાં હોત તો તે-
મની મેળવેલી કીર્તિમાં તેઓ અતિઘણો વધારો
કરવા શકિતમાન થાત. અંગ્રેજી ભાષાનાં પો-
તાના અપૂર્ણ જ્ઞાનથી પોતાની શોધો જાહેરમાં આ
ણવામાં પેહેલાં પેહેલાં તેમને ઘણીક અડચણો પ
ડતી ખરી પરંતુ પાછળથી એ અડચણો નડવા છ
તાં તેઓ પોતાનું કામ ફતેહ ભરેલી રીતે આગળ
વધારવામાં શકિતમાન થઇ શકયા હતા પણ ખરા.
પણ કદાચ, એ બાબતો વિષે હવે વિચાર કરવો
બિલકુલ નિરૂપયોગી છે. જે વાત હું પુરતા નક્કી
પણાથી કહી શકું છું તે એ છે કે પંડિતે પોતા
ની જીંદગીમાં એવા કેટલાંક કામો ખચિત કર્યા
છે કે જે માટે આપણે મુંબઇવાસીઓએ તેમની ત
રફ માનની નજરથી જોવું જોઇએ. હું આશા રા
ખું છું કે આપણે તેમની યોગ્ય રીતે યાદગીરી રા

ખી શકીશું. હું જોવાને ખુશી છું કે આ દરખા-
સ્ત ઘડી કાઢનારાએ મરનારની વિદ્વત્તા વિષે એટ-
લુંજ નહિં પણ તેના ખાનગી સદગુણો વિષેની સુ-
ચના પણ એ દરખાસ્તમાં કરી છે. પણ આ દર-
ખાસ્તના તે ભાગ વિષે માત્ર એક બે શબ્દ બોલ-
વા કરતાં વધારે હું કહી શકીશ નહિં. આ સ્થા-
નમાં એટલે કે સોસાયટીના મકાનમાં તેમની પ્રસં
શાના શબ્દો બોલવા એ માત્ર તેમની પ્રસંશા તે-
મને મોહોડેજ કરવા જેવું છે. તેમને વિષે માત્ર
બેજ વચનો મને કહેવા દો! કે જે બે વચનો આ-
પણામાંના ઘણાંક પવિત્ર ગણે છે અને તે એ છે
કે મરનાર પોતાના સ્નેહીઓમાં ઘણા પ્યારા થઈ
પડયા હતા અને બીજું તેઓ છળભેદ શું એ જ-
રા જેટલું પણ સમજતા નહોતા. તેમનો આત્મા
કેવળ સાદો, હેતવંતો તથા જરાપણ છળભેદ વિ-
નાનો હતો. તેમની યાદગીરી કયે પ્રકારે રાખવી
તે વિષે હું ધારૂં છું કે તે બાબતના સંબંધમાં તમે
સૌ મી. જસ્ટીસ સ્કોટના વિચાર સાથે મળતા આવશો
કારણ કે હું ધારૂં છું કે પોતાની યાદગીરી રાખવાસારૂ
મરનારને જે રસ્તો સૌથી વધારે પસંદ પડયો હોત તે એ
જ હોત કે પોતે અધુરૂં મુકેલું કામ પુરૂં કરવાનું કોઇ

બીજો માથે લેઇ શકે એટલા માટે એક જાહેર ફંડ ઉભું કરવું કે જેથી હંમેશાંજ મુંબાઈની યુનિવરસિટીમાં એક ભગવાનલાલ લેકચરર અથવા સ્કોલર હોયા વગર રહેજ નહિ. મારૂં બોલવું સમાપ્ત કરતા પેહેલાં એટલું બોલવાની હું રજા લેઉં છું કે ભાવનગરના વતની મી૦ વજેશંકર ગવરીશંકરે મરનાર પંડિતના અપ્રસિદ્ધ લખાણો છાપવાના ખરચ માટે જોઈતાં નાણાં ઉભાં કરી તે રીતે પંડિતની યાદગીરી રાખવાની ગોઠવણ તો અત્યાર પેહેલાની કરી મુકેલી છે.

મી૦ જવેરીલાલ ઉમીઆશંકર યાજ્ઞિક ઉપલી દરખાસ્તને ટેકો આપતાં બોલ્યા:—પ્રમુખ સાહેબ અને ગ્રહસ્થો, પ્રમુખ સાહેબે પોતાના શરૂઆતના ભાષણમાં મરનાર પંડિતની કારકિર્દીને લગતી અગત્યની બાબતો તો આપને વિદિત કરી છે. તે સઘળી બોલેબોલ ખરી છે એ હું મારા પોતાના અનુભવથી જણાવું છું. હું ધારૂં કે મરનારના સ્વભાવનું એક અગત્યનું લક્ષણ એ હતું કે દાકતર ભાઉ દાજી કે જેમણે તેમને હિંદુસ્થાનના જુદા જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરવા માટેની ગોઠવણ કરી આપી હતી તે ઉપરવા તેમની જોડેના પોતાના

સહવાસથી અસલની બાબતો વિષે શોધ કરવાની તેમને અત્યંત ઇચ્છા થતી હતી. દાકતર ભાઉ દાજી તરફથી જે મદદ તેમને મળી હતી તે ન મળી હત તથા હિંદુ-સ્તાનના જુદા જુદા ભાગોમાં પંડિતે જે પ્રવાસ કર્યો હતો તેનો ખરચ પુરો કરવામાં જે મદદ જુનાગઢ દરબારે તેમને આપી હતી તે તેમને ન મળી હોત તો હિંદુસ્તાનના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ભાગમાં, તથા ઠેઠ નેપાળ અને ટીબેટની હદ સુધી જે પ્રવાસો તેઓએ કરયા હતા તે તેઓ કરી શકત નહિ. દાકતર ભાઉ દાજીના મરણ પછી પણ ઘણીક મુશ્કેલીઓ નડવા છતાં હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કરવાનું ભગવાનલાલે છોડી દીધું નહિં. આ જુદા જુદા પ્રવાસોથી જે મોટો ફાયદો થયો તે એ હતો કે એ પ્રવાસથી તેમના જ્ઞાનનો વિસ્તાર વધી ગયો તથા સંખ્યાબંધ જુના સિક્કાઓ તથા અસલી લેખો વગેરે તેઓ મેળવી શકયા. તે સઘળાની મદદથી પૂર્વ ભાષાના વિદ્વાનોની ઈચ્છાને અનુસરતા અસલી કોતરકામના વિષયને લગતી કેટલીક અગત્યની બાબતો ઉપર તેઓ પુષ્કળ અજવાળું પાડી શકયા. તેમનો સૌથી મોટો પ્રવાસ નેપાળનો હતો. ત્યાંહાં તેઓ

લગભગ ચાર મહિના સુધી રહ્યા હતા અને જો કે તે વખતે તેઓ સખત તાવની પીડા ભોગવતા હતા તથાપી પોતાના જોવામાં આવેલા બુદ્ધ ધર્મના મઠોમાંના કેટલાક શિલાલેખોની નકલો લેવામાં તેઓ કોઈપણ રીતે પાછળ પડયા નહોતા. પોતાના આ પ્રવાસમાં તેમણે જે જે જોયું હતું તેનો હેવાલ તેઓ 'ઈન્ડિયન એંટીકવરી'માં વખતે વખત આપતા ગયા અને તે ઉપરથી યુરોપિયન વિદ્વાનોના જોવામાં આવ્યું કે અસલી કોતરકામ વિગેરેની શોધ કરવા માટે હિંદુસ્તાનમાં પણ પુષ્કળ જગ્યા છે. જે વિદ્વાન પુરૂષોનું ધ્યાન આવી રીતે ખેંચાયું તેઓમાંનો એક બ્રિટીશ મ્યુઝિયમવાળો મી. સેસીલ બેન્ડાલ, એમ. એ. છે. પંડિત ભગવાનલાલનાં ઉપલાં લખાણો વાંચી પ્રોફેસર બેન્ડાલ હિંદુસ્તાનને પ્રવાસે આવવાને લલચાયો. ૧૮૮૪ના વર્ષમાં તે મુંબાઇ આવ્યો. મુંબઇમાં તેણે પગલાં મુકયાં કે પેહેલો તે પંડિત ભગવાનલાલને મળવા ગયો. પોતાના પ્રવાસમાંથી પાછા ફરયા પછી પોતે પોતાના પ્રવાસમાં જે કંઇ જોયું હતું તેને લગતું એક પુસ્તક 'ઉત્તર હિંદુસ્તાન તથા નેપાળમાં પ્રવાસ' એ નામનું તેણે બહાર પાડયું છે. તેમાં પં

ડિત ભગવાનલાલ વિષે લખતાં તે જણાવે છે કે 'નેપાળ જેવા દેશમાં યુરોપિયનને પુર છુટથી ફરવા દેવામાં સવળી તરફની હરકતો નાખવામાં આવેછે તે ધ્યાનમાં લઇ હિંદ દેશમાં ફરેલા એક વિદ્વાન પ્રવાસી તરિકે જે અગત્યનો અનુભવ એ પ્રખ્યાત વિદ્વાન પુરૂષે મેળવ્યો હતો તેનો લાભ પૂર્ણ હેતથી અને મિત્રભાવથી તેમણે જે મને આપ્યો હતો તે માટે હું જેટલાં તેમનાં વખાણ કરૂં તેટલાં ઓછાં છે. મુંબઇમાં જે થોડોક વખત હું રહ્યો તે દરમિયાનમાં તેમની સાથની મારી મુલાકાતથી તેઓ ઘણો મોટો લાભ મને કરી શકયા એટલુંજ પણ મારા મુંબઇ છોડયા પછી પણ, જે કેટલીક અસલી બાબતોને લગતી વસ્તુઓ પંડિતે પોતે પોતાના પ્રવાસના દરમિયાનમાં જોઇ હતી પરંતુ તેનો હેવાલ તેઓ પ્રસિદ્ધ કરી શકયા નહોતા, તેનાં ઠામઠેકાણા વિષેના અગત્યના ઇસારા તથા ખબરો ઘણા કિંમતી પત્રદ્વારાએ પણ મને આપવાનો લાભ આપ્યો હતો. પંડિતે કરેલી શોધો વિષે બીજા કેટલાક યુરોપિયન વિદ્વાનો પણ ઊચું મત ધરાવે છે. પંડિતે જે બધુ અસલી લેખોના સંબંધમાં જોયું હતું તેનો વિસ્તાર એટલો

તો મોટો હતો કે તે સઘળું તેઓ કાગળ પર ટાંક વા શકિતમાન થયા ન હોતા. જો તેમ કરવાની તેઓ ફુરસદ મેળવી શકયા હોત તો ખરેખર અ-સલી કોતર કામની વિદ્યાને તેઓ વધારે આગળ વધારી શકયા હોત. એમ છતાં જે કેટલાંક લખા ણો તેઓ આપણી રોયલ એશિયાટિક સોસાયટીના જરનલમાં કરતા આવ્યા હતા તે વાંચવા ઉપરથી તેમના કામની શ્રેષ્ટતા વિષે સહજ કોઇની ખાત્રી થઇ શકશે. યુરોપિયન વિદ્વાનો અત્યંત માનથી તેમની તરફ જોતા હતા તેનો વિચાર આપણને આટલાથીજ આવી શકશે કે પંડિતના મરણની ખબર એ યુરોપિય ન વિદ્વાનોને પડતાંજ તેમણે તે માટે પોતાની અત્યંત દિલગીરી જાહેર કરી હતી અને તેઓમાંના ઘણાકોએ પંડિતની યાદગીરી રાખવા માટે કંઇ ફંડ ઉભું કરવા માં આવે તો તેમાં પોતાની તરફનું નાણું ભરવા ની ઇચ્છા બતાવી હતી. એવા વિદ્વાનોમાં ના ડા. બ્યુલર એક છે. એ વિદ્વાન પુરૂષના તરફ થી હમણાં એક પત્ર મને આવ્યો છે. તેમાં બીજી બાબતો ઉપરાંત આ બાબત વિષે લખતાં તેઓ જણાવેછે કે પંડિત ભગવાનલાલ મને તેમની વિ-દ્વતાથી 'જેટલા વહાલા લાગતા તેટલાજ વહાલા તેમના

નિખાલસ અને પ્રિતી ભરેલા સ્વભાવથી મને લાગતા. જો એમની યાદગીરી રાખવા માટે કંઈ હિલચાલ ત મારા શેહેરીઓ તરફથી કરવામાં આવશે તો તે જોઈ હું બહુ ખુશી થઇશ તેમની યાદગીરી રાખવાને સૌથી સારો રસ્તો એ છે કે મુંબઇની યુનિવરસિ ટીમાં અસલી લેખોની વિદ્યાના સંબંધમાં 'ભગવા નલાલ ઇંદ્રજી ઇનામ' એ નામનું એક ઇનામ સ્થાપવું. એ બાબતના સંબંધમાં મેં મી. વજેશંકરને લખેલું છે. તેમને મેં લખેલું છે કે એવું એકાદું ફંડ ઉભું કરવામાં આવશે તો તેમાં મારી તરફની એક નાની સરખી રકમ હું પણ ભરીશ. મી. સિનાર્ટ, મી. બરગેઇન અને બીજા કેટલાક ગ્રહસ્થો પણ એ રીતે નાણું ભરવામાં પાછા પડશે નહિ. જો આવું ફંડ ઉભું કરવાનું આખરે નક્કી થાય તો મેહેરબાની કરીને તે વિષે મને લખવાનું ભુલ શોના.' મારી ખાત્રી છે કે જે કામ માટે આજે આપણે અહિંયા એકઠા મળ્યા છીએ તે વિષેની ખબર વર્તમાન પત્રોની મારફતે યુરોપ માં પોંહોચી જશે ત્યારે ડા. બ્યુલર અને બીજા યુરોપીયન વિદ્વાનો જેઓએ આ ફંડમાં પોતા ની તરફનું નાણું ભરવાની ખુશી જણાવી છે તે

એ જોઇને ખુશી થશે કે જેમ તેઓ પંડિતે બજા વેલાં કામની કિમત યુરોપમાં કરે છે તેવી રીતે આ દેશના લોકો પણ પંડિતની કિમત બરાબર સમજવામાં પાછળ પડે એવા નથી.

પ્રોફેસર પિટરસનની ઉપલી દરખાસ્ત વિષે મત લેવામાં આવતાં તે દરખાસ્ત સર્વાનુમતથી પસાર થયલી જણાવવામાં આવી હતી.

મી. મેકલીઓડ કેમ્બેલ બોલ્યાઃ—પ્રમુખ સાહેબ અને ગ્રહસ્થો, નીચલી દરખાસ્ત તમારી હજુર મુકવાની મને ભલામણ કરવામાં આવી છે. અસલી કોતરકામની વિદ્યાના સંબંધમાં કંઇપણ જ્ઞાન હું ધરાવતો નહિ હોવાથી આ પ્રકારની સભાના કામ કાજમાં ભાગ લેવાને હું ભાગ્યેજ યોગ્ય છું. પરંતુ મી. ભગવાનલાલ વાસ્તે મને અત્યંત માન હતું અને જો કે હું જાતે તેમને ઓળખતો નહોતો તથાપિ તેમને વિષે મને ઘણો ઉંચો વિચાર હતો. આજે જે મુખ્યત્વે કરીને આ સભામાં ભાગ લેવા હું આવ્યો છું તેનું કારણ એ છે કે મરનાર પંડિત તરફથી મારા ભાઇ મી. જેમ્સ કેમ્બેલને જે અગત્યની મદદ મળી હતી તે સારુ તેની તરફથી હુ આવ્યો છું. નીચલી દરખાસ્ત તમારી હ

જુર મુકતાં મને ઘણી ખુશી ઉપજે છે કે 'પેહેલા ઠરાવની મતલબ પુરી પાડવા માટે નીચલા ગ્રહસ્થો ની એક કમિટી નીમવી અને તેઓ પંડિત ભગવાન લાલ ઇંદ્રજીની યાદગીરી જે અમુક રીતે રાખવા નો પાછળથી ઠરાવ કરવામાં આવે તે માટે નાણાં ભેગાં કરે. કમીટી–હીઝ હાઇનેસ જુનાગઢના નવાબ સાહેબ, જસદણના ઠાકોર હીઝ હાઇનેસ અલાકાચા ર, ધી હોનરબલ રાવસાહેબ વિશ્વનાથ નારાયણ મં ડળિક સી. એસ. આઇ., કરનલ જે. ડબલ્યુ. વૉ ટસન, હોનરબલ કે. ટી. તેલંગ, સી. આઇ. ઇ., ડાકટર જેમ્સ. એમ. કેમ્પેલ, સી. આઇ. ઇ., જી. ડા. કુન્હા, દાક્તર જી. બ્યુલર. સી. આઇ. ઇ; ઓ. કોડરીંગટન, પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, મી. સોરાબજી શાપુરજી બં ગાળી, સી. એસ. આઇ., મી. જોન. એમ. કેમ્પબેલ, ધિ હોનરેબલ મી. જે. સ્કોટ, સર મંગળદાસ નથુભાઇ નાઇટ, મી૦ આર. એસ. કેમ્પબેલ, મી૦ વજેશંકર ગવ રીશંકર, મેસર્સ જે. એફ. ફ્લીટ, ગ્રીફીથ્સ, રઘુના થ નારાયણ ખોટે, કે. આર. કામા, ડબલ્યુ. બી. મ્યુલોક, દીવાન બહાદુર મણીભાઇ જશભાઇ, રા. રા. દેસાઇ હરીદાસ વીહારીદાસ, શેઠ લીલાધર શા મજી, શેઠ ગોકળદાસ દેવજી, શેઠ વંદ્રાવનદાસ પર-

શોત્તમદાસ, રાવ બહાદુર મોતીલાલ લાલભાઈ, શેઠ કરીમ નેનસી, શેઠ મનસુખરામ સુર્યરામ, શેઠ રણછોડભાઈ ઉદયરામ, શેઠ જેઠાભાઈ વર્ધમાન, શેઠ દામજી હીરજી, શેઠ ગોવરધનદાસ ગોકળદાસ તેજપાળ, શેઠ ઉમરસી નાંગસી, શેઠ વ્રીજભુખણદાસ આતમારામ, શેઠ નારણદાસ પરશોત્તમદાસ, શેઠ ગોરધનદાસ ખટાઉ, શેઠ રૂપસીંગ મથુરાદાસ, રા. રા. વૈદ્ય પરભુરામ જીવણરામ, શેઠ વસનજી નાનજી, શેઠ સુંદરદાસ જાદવજી, શેઠ રતનસી મુળજી. સેક્રેટરીઓ—પ્રોફેસર પીટર પીટરસન, મી૦ ઝવેરીલાલ ઉમીઆશંકર યાજ્ઞિક અને મી૦ કરસનદાસ વલ્લભદાસ.'

મી૦ કરસનદાસ વલ્લભદાસ મી૦ કેમ્પબેલની ઉપલી દરખાસ્તને ટેકો આપતાં બોલ્યા કે,—પંડિત ભગવાનલાલની યાદગીરી કાયમ રાખવા માટે દાકતર બ્યુલરના સુચવ્યા મુજબ એક સ્કેલરશીપ સ્થાપવા અથવા તો બીજી કોઈ રીતે તેમ કરવા આપણે શક્તિમાન થઈશું એવી હું આશા રાખું છું. હું ધારૂં છું કે આ દેશના અસલી લેખોની ઉત્કૃષ્ટ વિદ્યાને યોગ્ય રીતીએ ઉત્તેજન આપવા આ દેશના વતનીઓએ ખાસ શ્રમ લેવો ઘટિત છે. મરનાર પંડિતના જીવનચરિત્રના સંબંધમાં મારી આગળના

બોલનારાઓએ જોઈએ એટલું વિવેચન કર્યું છે એ ટલે હવે તેના સંબંધમાં વધારે લંબાણથી બોલી ત મારા કિંમતી વખતનો ભોગ લેવા હું માગતો નથી. પરંતુ આટલું કહ્યા વગર મને ચાલતું નથી કે એ ક વિદ્વાન તરિકેની તેમની યોગ્યતા ઉપરાંત તેઓ વળી ઘણા દયાળુ દીલના હતા. મરનારે પોતે એક ઠા કીધેલા અસલી સીક્કાઓ તથા શિલાલેખોનો કિ મતી સંગ્રહ પોતાના વસિયતનામાની રૂએ જુદી જુ દી મંડળીઓને ભેટ આપ્યો છે. વળી, વાલકેશ્વરમાં નું પોતાનું મકાન તેઓએ પોતાના કોઈ સગા સ્ને હીને ન આપતાં માંદા માણસોને રેહેવાને માટે આશ્રમસ્થાન તરીકે પોતાની પાછળ વપરાય એમ તેમણે પોતાના વસિયતનામામાં ફરમાવ્યું છે.

ઉપલી દરખાસ્ત સભા હજુર મુકતાં તે સર્વાનુ મતે પસાર થયલી જાહેર કરવામાં આવી હતી. સભાનું કામ પુરૂં થતાં મી. રઘુનાથ નારાયણ ખોટેએ મી. સ્કોટનો પ્રમુખસ્થાને બિરાજવા માટે ઉપકાર માન વાની દરખાસ્ત રજુ કરતાં તેમના સંબંધમાં કેટ લુંક બોલી તેમની પ્રસંશા કરી. આ દરખાસ્ત પ ણ તાળીઓના અવાજો વચ્ચે પસાર થતાં મી. સ્કોટે તેનો ટુંક જવાબ આપ્યો કે જેમ થયા પછી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

# બુકસેલીંગ અને જનરલ એજનસી કંપની.

**બૃહત્ કાવ્યદોહન**–ભાગ ૧ લો. પ્રાચિન કવિઓની કવિતાના સંગ્રહમાંથી ઉત્તમોત્તમ કવિતાનો એક ઘણો સારો જથો એકઠો કીધો છે ૧૨ મોટાં આખ્યાન, ૨૦ આખ્યાયિકા, ને ૫૦૦ પદોનો સરસ સગ્રહ. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ ૩), ટપાલ ખર્ચ ૬ આના. આટલું સસ્તુ પુસ્તક બીજું એકે નથી.

**બૃહત કાવ્યદોહન**–ભાગ ૨ જો. નરસિંહ મેહેતા, પ્રેમાનંદ, સામળભટ, અખોભક્ત, મુકતાનંદ ૭૦ ઘણા કવિઓની કવિતાના સંગ્રહનો આ જથો છે. એમાં નવિન ઘણાં આખ્યાનો તથા જુનામાં જુના કવિઓની કવિતાનો સગ્રહ પણ છે. ઉપલા બંનો ગ્રંથો માટે વર્તમાન પત્રોએ સરસમાં સરસ અભિપ્રાયો આપ્યા છે. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ ૩), ટપાલ છ આના.

**અરેબિયન નાઇટસ**–પુસ્તક ૧ લું. જગપ્રસિદ્ધ વાર્તાસંગ્રહમાં એના જેવું એકપણ નથી. એમાં ૬૫ મોટા ને સારાં ચિત્રો આપ્યાં છે. ભાષા ઘણી સરળ, સરસ ને રસભરિત છે. પૃષ્ટ (ચિત્રો સાથે. ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત રૂ૩), ટપાલ ૬ આના)

**અરેબિયન નાઈટ્સ**-પુસ્તક ૨ જું જગપ્રસિદ્ધ વાર્તાસંગ્રહનો આ બાકીનો ભાગ છે. ચિત્ર ૭૦ છે. પેહેલા ભાગ કરતાં વધારે રસભરિત છે.
[છપાય છે.

**દયારામકૃત કાવ્યસંગ્રહ**-કવિ નર્મદાશંકરે **રૂ ૧૦ વાળું** જે દયારામકૃત છપાવ્યું હતું તેની આ ત્રિજી આવૃત્તિ છે. ગિલીટના નામ સાથનાં પુઠાં છે. **વધારામાં** સતસૈયા, જે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને ઘણા ઉપયોગી છે, તેની સંપૂર્ણ ટીકા આપી છે. કિમ્મત ઘણી સસ્તી, રૂ ૨-૮-૦. ટપાલ ૪ આના.

**રાજતેજોમયી મહારાણી શ્રી વિક્ટોરિયાનું જીવનચરિત્ર**-જુબીલી પ્રસંગ માટેજ નહિ પણ સદાકાળ યાદ રાખવા યોગ્ય એક ઉચ્ચ સદ્ગુણોથી ભરેલું સંસારી જીવનચરિત્ર, લૈબ્રેરીઓમાં રાખવા લાયક, ૭ સુંદર ચિત્રો સાથે. મુખપૃષ્ટનું ચિત્ર કોઇપણ ગુજરાતી ગ્રંથમાં આપવામાં આવ્યું હોય તેથી ઘણું સરસ. સઘળા વર્તમાનપત્રોએ ભળામણ કીધી છે કે કન્યાઓને માટે તે ઘણું ઉપયોગી છે. કિમ્મત રૂ ૪) ટપાલ ૪ આના.

**ધર્મવિચાર**-કવિ નર્મદાશંકરના છેલ્લા નિબંધોનો સંગ્રહ. કિમ્મત રૂ ૦-૧૦-૦ ટપાલ ૧ આનો.
[ઘણી થોડી નકલ બાકી છે-